Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. . 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कालो दुस्तर आगतो जनगनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
यावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्धृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४९. चैत्र. आत्म सं. २७ | अंक ९ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ માનવ દેહની મહત્વતા. ... | ૨૧૩ | ૬ આદત અથવા સ્વભાવ. ... | ૨૨૪ |
| ૨ વીર પ્રભુની જયંતી ઉજવવા ભાઇ-બ્હેનોને હિતબોધ. ... | ૨૧૪ | ૭ સાધુતાનાં લક્ષણ. ... ... | ૨૩૧ |
| ૩ અમૃત વચનો. ... ... | ૨૧૫ | ૮. હિત ઉપદેશ ( શાસન રહસ્ય ) | ૨૩૨ |
| ૪ પરમાત્મપણું પ્રાપ્ત કરવાને કેવા પ્રયત્નની જરૂર છે ? ... ... | ૨૧૬ | ૯ સમયના પ્રવાહમાં કાંઇક. ... | ૨૩૩ |
| ૫ મોહરાજ–પરાજય નાટકનો પરિચય | ૨૨૦ | ૧૦ સ્વીકાર અને સમાલોચન. .. | ૨૩૫ |
| | | ૧૧ વર્તમાન સમાચાર. ... | ૨૩૬ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નમ્ર સૂચના.

આ માસિકના માનવંતા ગ્રાહકોને જણાવવાની રજા લઇએ છીએ કે, આ વર્ષે સરલ, રસીક, સુબોધક અને આત્માને આનંદ પમાડે તેવો અપૂર્વ કથાનો ઉપદેશક ગ્રંથ ભેટ આપવા માટે છપાય છે જેની હકીકત હવે પછીના અંકમાં આપવામાં આવશે.

---

## ખાસ વાંચવા યોગ્ય જૈન ઐતિહાસિક ગ્રંથ—

# "શ્રી કુમારવિહાર શતક."

### ( સવિસ્તર ગુજરાતી ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમસુંદરસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણીએ અવચૂરી (સંસ્કૃતમાં) બનાવી છે તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર પણ આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. જેમ સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે, તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશિલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે. કારણ કે આ ગ્રંથમાં ગુર્જરપતિ જૈન મહારાજા શ્રી કુમારપાળે અણુહિલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ ( જીનમંદિર કે જેમાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે; તે ચૈત્ય–મંદિરની અદ્ભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બ્હોંતેર દેવકુલીકા હતા. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીતળની, તે:: અતિત અનાગત અને વર્તમાન કાળના પ્રભુપ્રતિમા હતા. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાન્તમણીની પ્રતિમા હતા. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ–શિલ્પકામની સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા–જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઉંચા ઇંગ્લીશ આર્ટ પેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રત આકારમાં છપાવેલ છે. પાટલી પણ ઉંચા કપડાની કરવામાં આવેલ છે છતાં કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટ ખર્ચ જુદું.

**લખો—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

## શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી.

**હેડ ઓફીસ—ભાવનગર.**

સ્ટે. ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી

**રૂા. ૫૦૦૦૦) પચાસ હજારની.** **એક ટીકીટની કિંમત રૂા. ૧**

**કુલ ઇનામની સંખ્યા ૩૯૩૭.**

પહેલું ઇનામ રૂા. ૫૦૦૦) પાંચ હજારનું મેળવવાને ભાગ્ય અજમાવો.

**પહેલું ડ્રોઇંગ જુલાઇ માસમાં નીકળશે.**

**શેઠ કુંવરજી આણંદજી.**

**પારેખ વલ્લભદાસ ઉત્તમચંદ. એ, એમ; બી. એસ. સી.**

**ચીફ સેક્રેટરીઓ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदाचित्ततां वित्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेऽप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ चैत्र. आत्म संवत् २७. [ अंक ९ मो.

ॐ

## मानव देहनी महत्वता.

( હરિગીત. )

( ૧ )

ગોચર નહીં પણ જ્ઞાનીના સંસર્ગથી સમજાય છે,
આ શ્રેષ્ઠ માનવ દેહ દેહિ માત્રમાંહિ ગણાય છે;
સ્થાવર અને વિકલેંદ્રિમાં જ્યાં કાળ ગણુના ના રહી;
અસંજ્ઞિ પંચેંદ્રિપણે ભવ ભ્રમણુની બાકી નહીં.

( ૨ )

નારક ગતિને દેવભવમાં દૈવ યોગે જઇ ચડ્યો,
આસક્તિ પુદ્ગલ પર અતિશય ધર્મ મારગ ના જડ્યો;
પંચેંદ્રિ માનવ દેહ આરજ દેશ સંગ સુગુરૂ તણો,
સ્યાદ્વાદ ધર્મ શિરોમણી એ પ્રાપ્ત પુન્યવડે ગણો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ )

આ૦યો તું ! અરધી વાટ આગળ તેહવી વસમી નથી,
પરિચય ઘટે પુદ્દગલતણો એ સાધના શાસ્ત્રે કથી;
મુશ્કેલ છે ! મુશ્કેલ ! ! અતિ મુશ્કેલ ! ! ! સંગજ છોડવો,
એ દીર્ઘ કાલિક યોગ પુદ્દગલ પ્રેમ ન ગમે તોડવો.

( ૪ )

આ દ્વાર કાયા મોક્ષ કેરૂં દેવ સહુ ઇચ્છા કરે,
સંયમ વિધિના યોગથી ભવ વારિધિ સહેજે તરે;
અવસર અનુપમ પ્રાપ્ત ભ્રાતુ ! સમજ તેના સારને,
વિણ સમજ પશ્ચાતાપ દષ્ટિ ચિત્ર ગત પર ધારને.

( ૫ )

જો ! ભૂતકાળ વિષે સહ્યાં તેં દુઃખ, સુખ લગીર ના,
આ સ્વપ્નવત્ સંસારનાં સંબંધની કર કલ્પના,
અતિશય કહું શું ભ્રાત ! હા ! વિતરાગ મારગ મોક્ષનો,
કર સાધ્ય સાધક એકતા ઉપદેશતા વિદ્વદ્ જનો.

વેલચંદ ધનજી.

## વીર પ્રભુની જયંતી ઉજવવા ઇચ્છનારા પ્રેમી ભાઇબ્હેનોને તેની સાર્થકતા માટે સૂચના રૂપે હિત બોલ.

આપણે આપણા જીવનમાં જરૂર કંઇને કંઇ વીર પ્રભુના પરમ પવિત્ર ચારિત્રને લક્ષમાં રાખી હિત રૂપ સુધારો દાખલ કરવો જોઇએ.

૧ સહુનું એકાન્ત હિત ચિન્તવન કરવું. અપરાધી જીવનું પણ બુરૂં કે અનિષ્ટ મનથી પણ ચિન્તવવું ન જોઈએ.

૨ દુઃખી જનોનું દુઃખ ફેડવા તન મન ધનથી બનતો પ્રયાસ કરવો અને દુઃખનું મૂળ શોધી તે દુઃખનો સમૂળગો અંત આવે એવી શૈલીનો ઉપયોગ કરવો. કોઇપણ દીન દુઃખીનું દુઃખ દેખીને આપણું હૃદય દ્રવવું જોઇએ અને તેના દુઃખમાં ઘટાડો થાય તેવું વર્તન કરવું જોઇએ.

૩ સુખી અને સદ્દગુણી જનોને દેખીને દીલમાં રાજી થાવું. સદ્દગુણની પ્રશંસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવી અને તેવા સદ્ગુણ આપણામાં દાખલ કરવા બનતો પ્રયત્ન સેવવો. પવિત્ર ધર્મના આશ્રયથીજ જાતે સુખી અને સદ્ગુણી થઈ શકાય છે એમ સમજી, પવિત્ર ધર્મનું દૃઢ આલંબન લેવું અને અન્ય ભવ્યજનોને એવીજ પ્રેરણા કરવી જોઇએ, જેથી સહુનું શ્રેય થઇ શકે.

૪ પાપ કર્મ કરવામાંજ ઉજમાળ એવા દુષ્ટ જનો ઉપર પણ દ્વેષ કે રોષ નહીં કરતાં તેમને સુધારવા નિઃસ્વાર્થ પ્રેમથી પ્રયત્ન કરતાં પણ ફાવી ન શકાય તો મૌન કે મધ્યસ્થ રહેવું.

૫ સહુને આપણા આત્મા સમાન લેખીને કોઇને કશી પ્રતિકૂળતા નહીં ઉપજાવતાં તેમને અનુળકૂતા ઉપજે એવુંજ હિત આચરણ કરવું.

૬ સહુને પ્રિય ને હિતરૂપ થાય એવું સત્યજ વદવું.

૭ ન્યાય-નીતિ ને પ્રમાણિકતાનેજ ધર્મના દૃઢ પાયારૂપ લેખીને, એકનિષ્ઠ બનવું. ન્યાય-નીતિ વિરૂદ્ધ પરદ્રવ્યને પથ્થર તુલ્ય લેખવું. નીતિથી થોડું પણ સાંપડે તેને અમૃત સમાન લેખવીને તેનો સદુપયોગ કરવો.

૮ પરસ્ત્રીને માતા, બેન કે દીકરી જેવી લેખવી, તેના ઉપર કુદૃષ્ટિ ન કરવી. સુશીલ બનવું.

૯ સંતોષ આદરી વૃત્તિને સંયમિત બનાવવી.

૧૦ ક્રોધ, અહંકાર, માયા, લોભ, રાગ, દ્વેષાદિક દોષોથી જેમ બને તેમ અળગાજ રહેવું.

૧૧ કલેશ-કંકાસ કે વેર વિરોધને સમાવી દેવો.

૧૨ ચાડી, કલંકદાન કે પરનિંદાનો ઢાળ તજી દેવો.

૧૩ એકવચની બનવું. મિથ્યાત્વને વિષરૂપ લેખી તજવું.

સદ્ગુણાનુરાગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી.

## અમૃત વચનો.

૧ જેટલી હાનિ કટ્ટા શત્રુઓ નથી કરતા તેટલી હાનિ સ્વચ્છંદચારી જીવોને ક્રોધ-માન-માયા ને લોભ રૂપ કષાયો કરે છે.

૨ આત્મ હિતેચ્છુઓએ ક્રોધાદિ ચાર કષાયોને જરૂર દમવા જોઇએ.

૩ ક્ષમા-ઉપશમ-સમતા-સહનશીલતા વડે ક્રોધને જીતવો.

૪ મૃદુતા-નમ્રતા-સભ્યતા-વિનીતતાવડે-માન-મદને જીતવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ ઋજુતા–સરલતા વડે માયા–કપટ–દંભ–શઠતાને જીતી લેવી.

૬ સંતોષ વૃત્તિવડે લોભ–તૃષ્ણાને જીતી મર્યાદિત કરી દેવી.

૭ માયા ને લોભ ટુંકાણમાં રાગ રૂપે ઓળખાય છે અને ક્રોધ અને માન દ્વેષ રૂપે ઓળખાય છે.

૮ ઇર્ષ્યા, રોષ, પરિવાદ, મત્સર, વૈર પ્રમુખ દ્વેષના અનેક પર્યાય છે.

૯ ઈચ્છા, મૂર્છા, કામ, સ્નેહાદિક અનેક રાગના પર્યાય છે.

૧૦ મધ્યસ્થ વૈરાગ્ય–વિરાગતા, શાન્તિ–ઉપશમ પ્રશમ, દોષક્ષય, કષાય વિજય પ્રમુખ વૈરાગ્યના પર્યાયો છે. તેનાવડે પૂર્વોક્ત રાગદ્વેષનો જય થઇ શકે છે.

૧૧ રાગ દ્વેષ યા કષાય ઉપર જ સંસાર ભ્રમણનો બધો આધાર છે. તે ઘટે તો સંસાર ભ્રમણ પણ ઘટે જ.

૧૨ તેથીજ રાગ દ્વેષ યા કષાય જેમ વૃદ્ધિ પામતો અટકે–તેમાં ઓછાશ થવા પામે, યાવત્ તે સર્વથા નષ્ટ થાય એવા ઉપાય આદરવા સદા ઉજમાળ રહેવું ઘટે.

૧૩ જે જે કારણ–નિમિત્તોથી રાગદ્વેષાદિક વધતા હોય તેને તજવા અને જેથી રાગ દ્વેષાદિક ઘટતા હોય તે આદરવા સુખના અર્થી દરેકે ખપ કરવો જોઇએ.

૧૪ જ્યાં સુધી રાગ દ્વેષાદિક સર્વથા નષ્ટ ન થાય ત્યાં સુધી અવિરત ઉદ્યમવડે તેની કેડ મૂકવી નહીં. અર્થાત્ જે રીતે રાગ દ્વેષાદિક સમૂળગા નષ્ટ થાય તેવો સદ્ઉદ્યમ કર્યા જ કરવો. ઇતિશમ્.

સદ્ગુણાનુરાગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી.

# પરમાત્મપણું પ્રાપ્ત કરવાને કેવા પ્રયત્નની જરૂર છે?

—(:)—

(ગતાંક ૬ઠ્ઠાના પાને ૧૪૨ થી શરૂ.)

**પરમાત્મપણાની પ્રતીતિ**

ગતાંકમાં ઉક્ત વિષય માટે પ્રથમ ભૂમિકા જણાવવામાં આવેલ છે, આ વખતે તેના ઉપાયો–પ્રયત્નો બતાવવાના છે. પરમાત્મપણું પ્રાપ્ત કરવા માટે પ્રથમ પરમાત્મપણાની પ્રતીતિ હોવી જોઈએ. શાસ્ત્રો તે પરમાત્માના વચનોથી ગુંથાયેલા–લખાયેલા છે. અને તેમનો સત્ય ઉપદેશ જેમના મુખથી આપણે શ્રવણ કરીયે છીયે જેની સત્યતા બોલનાર વિષેના વિશ્વાસથી કે સાંભળનારના અંતઃકરણ ઉપર તેનું સ્વચ્છ પ્રતિબિંબ પડતું હોય તેનાથી ખાત્રી થાય છે. સત્યના શિખવનાર માણસ વિશ્વાસ પાત્ર છે માટે તેના સિદ્ધાન્ત સત્ય અને વિશ્વાસપાત્ર છે; કારણ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાંતમાંજ સત્યની પ્રતીતિ થાય છે. પરમાત્મા ભગવાનનો સત્ય સિદ્ધાંત તેના જીવનપરથી સંપૂર્ણ ખાત્રીના પુરાવા આપનાર છે. મનુષ્યની વિવેક બુદ્ધિ અને હૃદયના શુભ વિચારો જાગૃત કરવાને પરમાત્માના વચનો એટલા બધા બંધબેસ્તા છે અને મનુષ્યની સામાન્ય વિચારણા પર સત્ય સ્વરૂપનું પ્રતિબિંબ પાડવાને એવા મજબૂત પુરાવા તેમના જીવનમાંથી મળી આવે છે અને મનુષ્ય અંતઃકરણની ઉંડી ઈચ્છાઓને જેમના જીવનમાંથી એવો તો સચોટ પડઘો પડે છે કે તે પરમાત્માનું જીવન દરેક મનુષ્યને પરમાત્મ સ્વરૂપે સહજ પ્રતિબિંબિત થાય. એટલે કે સત્યનો સામાન્ય પ્રતિઘોષ પરમાત્મદૃષ્ટિવડે તે મહાત્મા દરેક મનુષ્યના અંતઃકરણમાં ધ્વનિત કરે છે. આવી રીતે પ્રથમ પ્રતીતિ એટલે (સમ્યક્) શ્રદ્ધા-વિશ્વાસ તે પરમાત્મપણું પ્રાપ્ત થવા માટે પ્રથમ જોઈએ. તેમનો ઉપદેશ, તેમનું આગમ તેમનું વચન, તેમનું ફરમાન એ ઉપર વિશ્વાસ પ્રથમ દરજ્જે જોઇએ; કારણ કે ઉપર જણાવ્યા પ્રમાણે સત્ય શિખવનાર-ઉપદેશ આપનાર નિસ્પૃહી હોઇને તેનો સિદ્ધાંત પણ સત્ય અને વિશ્વાસપાત્ર હોય છે. કહેવાય છે કે પુરૂષપ્રમાણે વચનપ્રમાણ. આવી શ્રદ્ધા-પ્રતીતિ (પ્રથમ ક્ષેત્રશુદ્ધિ હૃદયશુદ્ધિ) વગર પરમાત્મપણું પ્રાપ્ત થતું નથી. જેથી પ્રથમ પ્રતીતિ જણાવવામાં આવી. હવે તે સત્યની પ્રતીતિ કેવી રીતે થાય છે તે બતાવીયે.

**સત્યની પ્રતીતિ**—સત્યના જે નિયમો શાસ્ત્રોમાં જણાવેલા હોય છે તે દરેક બુદ્ધિશાળી મનુષ્ય જાણતા હોય છે. કેટલાક સત્ય એવા હોય છે કે, તે લાંબાવખત સુધીની કે થોડા વખતની અમુક ક્રિયાથી, ચર્ચાથી અને વારંવાર નવી ક્રિયા કરવાથી આપણને પ્રતીતિ થાય છે અને તેવીજ રીતે એવા કેટલાક સત્ય પણ છે કે જ્યારે મનમાં તેનો સંકલ્પ થાય ત્યારે તરતજ તેની પ્રતીતિ થાય છે. દુનિયાનું સઘળું વિજ્ઞાનશાસ્ત્ર સત્યનાં ધોરણથી રચાયેલું હોઇને, તે સત્ય પોતાની મેળે ખાત્રી કરાવવા શક્તિમાન રહે છે. સર્વ પ્રકારના જ્ઞાનના ગૂઢ રહસ્યના મૂળમાં સૌથી પ્રથમના નિયમો એવા હોય છે કે તેના સત્યને સાબીત કરવાની જરૂર રહેતી નથી.

હવે પરમાત્માનાં વચનો તે આવા પ્રકારના સત્યરૂપે છે જે વચનો શાસ્ત્રમાં લખાયલાં છે. તેમાંના ઘણા વિષે તો મનુષ્યનું મન એટલું ખાત્રીવાળું હોય છે કે જેવા તે મન ઉપર આવે છે, કે તરતજ તેની સત્યતાની ખાત્રી થાય છે. દાખલા તરીકે જેમ મનોહર દેખાવોની સુંદરતા સાબીત કરવાને શોખીન આંખને તેમજ મધુર સ્વરની ખાત્રીને માટે ચંચળ કાનને કાંઇપણ પુરાવાની, કાંઈપણ પ્રમાણની જરૂર રહેતી નથી, તેમ મનુષ્યના આત્માને જગતની નૈતિક સુંદરતા તે પરમાત્માના વચનથી જણાય છે. તેમાં એટલો બધો ગૂઢ સત્ય વ્યવહાર રહ્યો છે કે જો આંતરચક્ષુ દૂષિત ન હોય તો સ્વભાવિક ખાત્રી અને પ્રમાણથી એકદમ સત્ય પદાર્થના સ્વરૂપને મનુષ્ય અનુભવી શકે છે. કહેવાનું તા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્પર્ય એ છે કે–શાસ્ત્રીય સિદ્ધાન્તોનું મૂળ આત્મામાં છે, તેથી અંતઃકરણનાં ઉંડાણમાં એવું જ્ઞાન રહેલું છે કે પરમાત્માનાં જ્ઞાનનો પ્રતિબિંબિત અવાજ છેક ત્યાં જઇ અથડાય છે અને આડા આવતા તમામ અજ્ઞાનને તે દૂર કરી શકે છે. કહેવાનું એ છે કે સરલ અંતઃકરણવાળા મનુષ્યમાં પરમાત્મપણાનું તાત્કાળીક દૃઢ અને સીધું પ્રતિબિંબ પડે છે.

જે સત્યવિષે મનુષ્યને સ્વાભાવિક પ્રતીતિ થાય છે તે સત્ય કોઇપણ મનુષ્ય પોતાના અંતઃકરણને કેળવ્યા વગર શોધી શકે તેમ નથી.

સત્યને ઓળખવાની શક્તિ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે પરમાત્મા અને મનુષ્યની વચ્ચેનો તફાવત દૂર થતો જાય છે અને જ્યારે તેવી શક્તિ મનુષ્યમાં સ્વાભાવિક સંપૂર્ણપણે ઉત્પન્ન થાય છે ત્યારે પરમાત્માની જેમ તે મનુષ્ય બીજાની ગુપ્ત રહેલી શક્તિઓને પણ જાગૃત કરવાને સમર્થ થાય છે.

સુંદરતાના અને સત્યના ઝાંખા અસ્વચ્છ અને આચ્છાદનવાળા વિચારો ઘણા માણસોનાં હૃદયમાં ઉદ્ભવે છે પરંતુ જેનામાં વિચાર ઉત્પન્ન કરવાનું શુદ્ધ જ્ઞાન હોય છે તેજ સત્યને ખરા સ્વરૂપમાં અને ખરી સુંદરતામાં પ્રગટ કરી શકે છે અને સત્ય તે પોતાને સમજાવાથી અનુક્રમે મનુષ્યનું અંતઃકરણ પરમાત્માની દૃષ્ટિમાં પરમાત્મપણું અનુભવે છે.

એટલું તો કબુલ કરી શકાય કે જો માણસનું હૃદય પવિત્ર અને પૂર્ણ સ્થિતિવાળું હોય તો પરમાત્માના સ્વરૂપની સાથે તે જોડાઇ શકે છે, અને તેનાં પવિત્ર વચનનો પડઘો તેના પવિત્ર અંતઃકરણમાં પડી શકે છે, પરંતુ મનુષ્યનું અંતઃકરણ પવિત્ર અને પૂર્ણ હોતું નથી, તેમની વિવેક બુદ્ધિ ઝાંખી અને રજુ ન થઇ શકે તેવી થઇ ગઇ હોય છે. તેથી સંપૂર્ણ અને સ્વચ્છ પ્રતિબિંબ પાડવાને બદલે તેમાંથી સેંકડો જુઠી કલ્પનાઓ અને અસત્ય પ્રમાણો ફુટી નીકળે છે. આંતરિક ચક્ષુઓ અને કર્ણ જો દૃઢ અને તંદુરસ્ત વિચાર વાતાવરણવાળાં હોય તો દૈવી પદાર્થની સુંદરતા અને ઐકયતા જલ્દી ગૃહણ કરી શકે છે, પણ માનવ સત્યની દૃષ્ટી દૂષિત થયેલી હોય છે તેથી તેનામાં સત્યની તુલના કરવાનું વ્યાજબી ધોરણ કયાંથી હોઇ શકે ?

સત્યને માન્ય રાખવાથી અને સમજવાથી પરમાત્મા અંતઃકરણને જાગૃત કરવાને અને પવિત્ર કરવાને કુદરતી રીતે કામ કરે છે, તેથી કરીને સત્યની પ્રતીતિ કેટલેક અંશે પવિત્રતા અને ભલાઇવાળા અંતઃકરણમાં પ્રથમ દરજ્જાની હોય છે.

દૈવી સત્ય મનુષ્યનાં અંતકઃરણપર પ્રતિબિંબ પાડવાને અને તેને જાગૃત કરવાને એકદમ પ્રયત્ન કરે છે. જેવી રીતે સૂર્યનું કીરણ સુતેલા માણસની મુખમુદ્રા ઉપર ક્રમેક્રમે પડે છે અને તે પ્રકાશ જોવાને ચક્ષુ ઉઘાડે છે તેવી રીતે પરમાત્માનું સત્ય મનુષ્યના આત્માપર પ્રકાશતું તેની શકિત ચંચળ અને જાગૃત કરે છે, જેથી તેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યને તે જોઇ શકે છે. જીજ્ઞાસા માનસિક શકિતને જાગૃત કરે છે તે છતાં માનસિક શક્તિ જીજ્ઞાસામાં ઓતપ્રોત થયેલી છે અને તેઓ એક સાથેજ બંને કામ કરે છે. આવીજ બેવડી ક્રિયા આત્માના અનુક્રમવાળા અભ્યાસમાં ચાલી આવે છે. પ્રકાશ, કલ્પના, જ્ઞાન અને સમજણુ દૈવીક સત્ય અને વિવેક બુદ્ધિ સાથેજ ઉત્પન્ન થાય છે, વિસ્તાર પામે છે અને તેમાં વારંવાર પરાવર્તન થયા કરે છે.

સાંસારિક અભ્યાસના ધોરણુ અને વિચારની પેઠે આ બાબતમાં પણુ જેમ જેમ મનુષ્ય જ્ઞાનમાં આગળ વધે છે તેમ તેમ તેની જાણુવાની શકિત વધારે ખીલે છે અને તે શકિતના નિયમથી જ્ઞાનમાં વિશેષ ને વિશેષ વૃદ્ધિ થાય છે અને શંકાઓનું સમાધાન થતાં સત્ય પ્રતીતિને લઈને દરેક મુશ્કેલી દૂર થતાં જ્ઞાનમાં આગળ વધે છે, અને વિવેક બુદ્ધિ જાગૃત થાય છે. એવી રીતે જ્ઞાનનો વિસ્તૃત અનુક્રમ સત્યનો વિસ્તારવાળો પવિત્ર અને જાણી શકાય તેવો દેખાવ મનને પ્રતીત થાય છે.

પ્રથમ આંતરિક ભેદ જાણુવાની શકિત દૈવી શકિતનું મહાત્મ્ય અને સુંદરતા ઓળખવાને યોગ્ય હોતી નથી તે હમેશના અભ્યાસ અને પરિચયથી તેને જાણુવાને વિશેષ અને વિશેષ કેળવાતી જાય છે.

પરમાત્માનાં વચનના અતુલ અભ્યાસના દરેક કાર્યમાં સુધારણાની ઉંચી ક્રિયા ચાલુ રહે છે. મનની જડતા અને શૂન્યતા દૂર ફેંકી દેવામાં આવે છે અને આંતરિક તીક્ષ્ણુતાના નવા સ્પર્શનો અનુભવ થાય છે. પરમાત્માના શાસ્ત્રો અને વચનો ઉપર પ્રતીત હોવા સાથે ધાર્મીક અભિરૂચી તેનો યોગ્ય ખોરાક મળવાથી વધારે ને વધારે દૈવી પોષણુ મેળવવાને યોગ્ય થતી જાય છે. આંતર ચક્ષુ જીજ્ઞાસાને અભ્યાસથી વધારે–સૂક્ષ્મ કરે છે કે જેના પરિણુામે લાંબા વખતના સત્યના અનુભવથી આત્માની લગભગ સ્વચ્છ ખાત્રીની પવિત્ર પ્રકૃત્તિ હોય તો પણ સત્યના પ્રભાવથી છુપાઈ રહેલી શકિતઓ જાગૃત થાય છે અને પરમાત્માના જીવનમાં અને તેના સત્ય વચનમાં પવિત્ર દૃષ્ટિ અને પ્રતીતિ હોય ત્યાં સુધી મનુષ્યની ઉચ્ચ સ્થિતિનું રક્ષણુ થાય છે. એ રીતે મનુષ્યને સત્યની પ્રતિતિ થાય છે, હવે દરેક મનુષ્યમાં છુપાઇ રહેલું પરમાત્મપણું કેમ પ્રગટ થાય અને તે મેળવવાની શી રીત છે તે બતાવશું.

ચાલુ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મોહરાજ–પરાજય

## નાટકનો પરિચય.

( ગતાંક પૃષ્ઠ ૧૭૫ થી શરૂ )

**બીજો અંક.** મંત્રી પુણ્યકેતુ રંગભૂમિ ઉપર દર્શન આપતાં મંત્રીની સ્થિતિનું દિગ્દર્શન કરાવતો કહે છે કે “ જેઓ વિશુદ્ધ સુખના સ્વાદથી અવિજ્ઞાત છે, પરવશતાને લેઇ સદૈવ વિહ્વલ રહ્યા કરે છે અને સદાકાળ ચિન્તાના ભારથી કષ્ટ ભોગવતા મંત્રીઓ જીવન્ત હોવા છતાં પણ મૃત્યુજ પામેલા છે. ” અસ્તુ. પછી પોતાની પરિસ્થતિ ઉપર આવી સ્વામીના કાર્યના કરેલ પ્રબંધોને વિચારે છે. દુશ્મન ( મોહ નૃપતિ ) નું સમૂળ ઉન્મૂલન કરવાને આવશ્યક વ્યવસ્થા કરી રાખેલ છે. વિપક્ષીનું ઇતિવૃત્ત જાણવાને માટે નિયુક્ત કરેલ નિપુણ જાસુસ જ્ઞાનદર્પણ દ્વારા સર્વ હકીકત વિદિત થયેલ છે. કુમારપાળ પણ સર્વ સમાચાર સાંભળી અતિ ક્રૂદ્ધ થયો છે. આ લડાઇમાં વિજયમાળા કોને આરોપાશે એ પ્રશ્નનો ઉત્તર ગુરૂપદેશ નામના આપ્ત નિમિત્તિઓ નિવેદન કરે છે કે “ જે રાજા વિવેક નૃપતિની કન્યા કૃપાસુંદરી સાથે લગ્ન કરશે, તે ત્રિભુવનના દુશ્મન મોહરાજાનો પરાભવ કરશે. ” આ ઉપરથી વિદિત થાય છે કે વિપક્ષીના પરાજયનો આધાર કૃપાસુંદરી ઉપર છે. કૃપાસુંદરીની પ્રાપ્તિ વિવેકનૃપતિને નિમિત્ત છે. વિવેકનૃપતિ પણ સાંપ્રત સમયે ગુર્જરમંડળમાં અસ્તિત્વ ધરાવે છે. તેને લઇ આવવા માટે નિયોજેલ વ્યવસાયસાગર અદ્યાપિ કેમ ન આવ્યો ? તેજ સમયે વ્યવસાયસાગરનાં દર્શન થતાં પુણ્યકેતુ હર્ષ પામે છે. વ્યવસાયસાગર પ્રણામ કરીને કરેલ કાર્યનો સારાંશ જણાવે છે. આપના આદેશાધીન થઇ વિવેકચંદ્ર નરવરને શોધી કાઢી, તેને તથા તેની રાણી અને કન્યાને સાથે લઇ આવ્યો છું. તેઓને ભગવાન્ હેમચંદ્રના તપોવનમાં લઇ જઇ, રાજર્ષિ સાથે દર્શન કરાવેલ છે. કૃપાસુંદરી પણ રાજાને લાંબા સમય સુધી નિહાળી રહી હતી. અહીં ઉભય નાયક નાયિકાના પ્રેમાંકુરનું બીજારોપણ સૂચવે છે. વિશેષમાં વ્યવસાય જણાવે છે કે રાજાએ વિવેકનૃપતિને વિશ્રામસ્થાન તરીકે પોતાની ચિત્રશાળાને અર્પણ કરી છે, ત્યાર પછી પુણ્યકેતુ કહે છે કે જા, તું વિવેકરાજનો પારિપાર્શ્વિક થા, અમે પણ તેમાંજ ઉદ્યમવંત રહીશું. તે પછી તેઓ વિદાય થાય છે.

અહીં ’ બીજા અંકમાં આવનાર વર્ણનની પ્રસ્તાવના પરિસમાપ્ત પામે છે.

કૃપાસુંદરીને પ્રાપ્ત કરવાને તલસતો કુમારપાલ, દીર્ઘ ઉષ્ણ નિ:શ્વાસ વરસાવતો પ્રવેશ કરે છે. કૃપાસુંદરીના વિયોગથી ઉદ્ભવેલ દુઃખભારને જિહ્વા દ્વારા વ્યક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી, બળતા હૃદયને શાન્ત કરવા પ્રયત્ન કરે છે. દર્દથી ઉભરાતાં વાક્યો સૂણી વિદૂષક વિચારે છે કે–રાજા આ પ્રમાણે પહેલાં પણ ઉન્મત્ત થયો હતો. ખરેખર કામિજન જ્યાં ત્યાં તન્મય જોયા કરે છે. કંઇક સમય વ્યતીત થયા પછી રાજા વિદૂષકને કહે છે–પ્રિયતમાની વિરહવ્યથાથી દુઃખિત મન કયાંય સુખાસ્વાદન પામતું નથી. તો ચાલ ધર્મારામમાં જઈ કાંઇક શાંતિ મેળવીયે. બન્ને ધર્મારામમાં આવે છે. દૂરથી ‘ દમ ’ નામનું વૃક્ષ નિહાળતાંજ કુમારપાળનું હૃદય પ્રસન્નતા પામે છે. પોતાના દક્ષિણ ચક્ષુના સ્ફુરણથી શુભકાળ નિકટવર્તિ હોવો જોઈએ એમ વિદૂષકને જણાવે છે. આ પ્રસંગ ઉપરથી વિદૂષક કલ્પનાને લંબાવે છે કે આ સ્થળે કૃપાસુંદરી જરૂર હોવી જોઇએ.

આ સમયે કૃપાસુંદરી પોતાની સખી સોમતા સાથે સંયમ રસથી ભરેલ ધ્યાનોત્તમ નામના કલશ દ્વારા વૃક્ષને સિંચન કરે છે. સિંચન ક્રિયામાં આસક્ત થયેલ કૃપાસુંદરી ઉપર રાજાની દૃષ્ટિ પડે છે. દર્શનલાભથી રાજા પોતાની દૃષ્ટિને ભાગ્યશાળી માને છે. વળી વિદૂષકની આગળ તેનું સંકીર્તન કરે છે, આ સમયે કૃપાસુંદરીને બેસી રહેલ જોઇ, સોમતા તેને યાદ આપે છે કે “ સખી ! વૃક્ષને કેમ સિંચન કરતી નથી ? શું ગુરૂની આજ્ઞા ભૂલી ગઇ ? ધ્યાન કળશ ખાલી પડયો છે. પાયા વિના તરૂવર ફાલશે નહિ. ” ઉત્તરમાં કૃપાસુંદરી જણાવે છે. “ સખી શું કરૂં ? મધુકરરાજે મારા હૃદયથી ધ્યાન કળશનું અપહરણ કરેલ છે. આ પછી નાટકોમાં શૃંગાર રસને પોષક જે વર્ણન આવે છે તેવું વર્ણન કવિએ અહીં ઉતાર્યું છે. શાન્ત રસના પ્રધાન ધર્મને પણ લોક રંજનને ખાતર શૃંગાર રસની છાયામાં આવવું પડે છે. કવિએ પોતાની શક્તિ પ્રમાણે અન્ય નાટ્યાનુરૂપ અહીં નાયક–નાયિકાની પ્રણય લીલા ઠીક આળેખેલી છે. જે વાંચવાથીજ ખ્યાલ આવે છે. જો કે અન્ય નાટકો વાંચતાં આપણે કરૂણ, શૃંગાર કે પાત્રના દર્દથી રસબસ થઇએ છીએ, તેવો તો અનુભવ અહીં નથી જ મળતો. આ સાથે એટલું પણ યાદ રાખીએ કે શાન્ત પ્રધાન ધર્મની વસ્તુથી રચાયેલ નાટકાદિમાં કવિને અમુક પ્રકારની જ છૂટ હોય છે. કૃપાસુંદરી તરૂવરને સ્પર્શ કરે છે. તે જ સમયે કુમારપાળ વૃક્ષના પલ્લવ સમૂહમાં છુપી રીતે તેનું પાણિગ્રહણ કરે છે. વૃક્ષને સ્પર્શ કર્યા બાદ કૃપાસુંદરી પોતાના મન સાથે વિચારે છે કે–આ વૃક્ષના પલ્લવના સ્પર્શથી કોઇ મન વચનથી અગોચર સુખનો અનુભવ થાય છે. પછી પ્રગટ પણે સખીને કહે છે આ વૃક્ષની કુંપળોનો સ્પર્શ નવીન જળ-સિંચન કરેલ વૃક્ષનો અનુભવ કરાવે છે. અર્થાત્ તેના સ્પર્શથી રોમાંચ જન્મે છે. સોમતા કહે છે “ દેવવલ્લભે ! શું તરૂવરના પલ્લવોનો ધર્મ આ પ્રકારનો હોય કે ? પરંતુ એ તો અમૃતરસ વરસાવનાર કોઇ પુરૂષરત્નના કરકમળનો સ્પર્શ હોવો જોઇએ, ” ઉક્ત કટાક્ષમય ઉત્તર સાંભળતાં જ કૃપાસુંદરી પોતાના હાથને ખેંચી લઇ પરાંગમુખી થઇ ઉભી રહે છે. સખીના કટાક્ષથી લજ્જિત થઇ, તરૂને ધ્યાન કળશવડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિંચવા લાગી. સિંચનક્રિયામાં લાંબો સમય પસાર થયા છતાં, કૃપાસુંદરી નથી વિરમતી કે નથી કોઇની સાથે વાર્તાલાપ કરતી. આવી શૂન્યતા ભરી લાંબી સ્થિતિથી સોમતાને કંટાળો ઉત્પન્ન થયો અને વિચારવા લાગી કે જો કોઇ પણ પરિચિત કે અપરિચિત આવે તો કથાવિનોદથી કંઇક શાંતિ મેળવી શકું. તે દરમ્યાન ' સંવર ' નામનો શુકરાજ ત્યાં પ્રવેશ કરે છે. સોમતા તેને નિહાળી સપ્રમોદ સ્વાગત કરે છે. પછી સોમતા રાજશુકને વિહારનું ઇતિવૃત્ત પૂછે છે. રાજશુક ઉત્તરમાં કહે છે કે હું " ચૌલુક્યચંદ્ર કુમારપાળ ચક્રવર્તિની પાછળ પાછળ વિચરૂં છું " સોમતા કુમારપાળના ગુણોનું વર્ણન કરવા વિજ્ઞપ્તિ કરે છે, રાજશુક કુમારપાળે લીધેલ વ્રતો–નિર્વંશીનું ધન ગ્રહણ ન કરવું. દ્યૂતાદિ વ્યસનોના પરિત્યાગનું વર્ણન કરે છે. સોમતા સકળ ગુણસંકીર્તન સાંભળી હૃદય સાથે વિચારે છે, ખરેખર મારી પ્રિય સખીને જેવો સદ્‌ગુણશાલી પતિ જોઇએ, તેવી જ પ્રાપ્તિ છે. ત્યાર બાદ કૃપાસુંદરી અને સોમતા વાર્તાલાપમાં પરોવાય છે. વિદૂષક રાજાને અનુમતિ આપે છે કે કૃપાસુંદરી સાથે વાર્તાલાપ કરવાનો સુયોગ છે. તેજ સમયે ' રાજ્યશ્રી ' પોતાની પ્રિયસખી ' રૌદ્રતા ' સાથે હાજર થાય છે. રૌદ્રતા, કુમારપાળ પ્રણયિની રાજ્યશ્રીને કૃપાસુંદરી વિષેનો સાદ્યંત વૃત્તાંત કહી સંભળાવે છે અને ધર્મારામોદ્યાનમાં આવવાનું કારણ સ્પષ્ટ કહી બતાવે છે. સકળ વર્ણન સાંભળી ગ્લાનિ પામે છે અને પતિનું આવું વર્તન જોયા કરતાં અહીંથી ચાલ્યા જવું ઇષ્ટ સમજે છે. પરંતુ સખીના આગ્રહથી એક વૃક્ષની આડે તિરોહિત રહી સકળ ચેષ્ટા નિહાળવા લલચાય છે. કુમારપાળ અને કૃપાસુંદરીનું પ્રેમી યુગલ પ્રાપ્ત સુયોગનો લાભ લઇ, પ્રણય–વિનોદમાં તન્મય બની અન્તર્જ્વાલા શાન્ત કરે છે. અઘટિત કૃત્ય નિહાળી રાજ્યશ્રી ઉશ્કેરાઇ પ્રગટ થાય છે. જેને જોઇ કૃપાસુંદરી પોતાની સખી સોમતા સાથે ચાલી જાય છે. દેવીને પ્રસન્ન કરવા કુમારપાળ પ્રયત્ન કરે છે પણ તે નિષ્ફળ જાય છે. રાણી ગુસ્સામાં ને ગુસ્સામાં વિદાય થઇ જાય છે. કુમારપાળ એકાકી ઉભો ઉભો વિચારમગ્ન બને છે તેવામાં વૈતાલિક સંધ્યા–સમયની આગાહી આપે છે. જે સાંભળતાં કુમારપાળ સર્વજ્ઞની સાયન્તની પૂજા કરવા માટે ચાલ્યો જાય છે.

**ત્રીજો અંક** પોતાના સુખમાં વિઘ્નભૂત થતી કૃપાસુંદરીનું અનિષ્ટ કરવા રાજ્યશ્રી પ્રયત્ન કરે છે. તેમનો સંગમ દુર્ઘટ નિવડે તે માટે રાજ્યશ્રી ચૌલુક્યકુળ દેવતાનું આરાધન કરવા લાગે છે. આ સર્વે ઘટના વિચક્ષણ અમાત્ય પુણ્યકેતુને પ્રાપ્ત થાય છે. રાણીની આ સર્વે ઘટનાને ધૂલિશાત્ કરવાને પુણ્યકેતુ એક યોજના ઘડી કાઢે છે. દેવીની મૂર્તિ પાછળ પોતાનો માણસ છુપાવી તેને કહ્યું કે દેવી પૂજા કરવા માટે આવે ત્યારે પ્રસન્ન થઇ અમુક પ્રકારે કહેવું. રાણી પૂજા કરવા માટે જાય છે. ત્યારે દેવીની પ્રતિમાની પાછળ છુપાયેલ માનવ રાજ્યશ્રીને કહે છે કે " હે વત્સે ! ઉપસ્થિત પ્રસંગનું

For Private And Personal Use Only

ફળ તું જાણતી નથી. ત્હારે તો આ અનુચિત પ્રવૃત્તિ છોડી વિવેકનૃપતિની પાસે જઇ, તેના કન્યારત્નની પ્રાર્થના કરવી જોઇએ. કારણકે તારો તેના કરગૃહણથીજ તારો પતિ મોહ રાજાનો નાશ કરશે. વળી તે કૃપાસુંદરી દાનપતાકાની શાંતિભગિનીની પુત્રી થાય છે; તો ત્હારે ભગિનીજન ઉપર મત્સર શો કરવો ? આ સાંભળી રાજ્યશ્રી આશ્ચર્ય પામે છે. ઘરે પાછી આવી વિવેકચંદ્ર નૃપતિ પાસે તેના કન્યારત્નની માગણી કરે છે આ માગણી સાંભળતાં વિવેકચંદ્ર પોતાની પુત્રીનું પણ (પ્રતિજ્ઞા) કહી સંભળાવે છે. મૃતજનનું ધન ગૃહણ ન કરતો હોય અને જેણે દ્યૂતાદિ વ્યસનોને પોતાના રાજ્યમાંથી દૂર કર્યાં હોય, તેવા પુરૂષને પસંદ કરવાનું ઇચ્છે છે. કુમારપાળ તો કૃપાસુંદરીની પ્રતિજ્ઞાનુસાર સકળ વ્રતોથી પ્રથમથી જ વિભૂષિત છે; અને તદનુસાર પોતાની રાજ્યસીમામાં વ્યવસ્થા કરશે, એ પ્રમાણે રાજ્યશ્રી સ્વીકારીને, પોતાની લેખહારિકા " વ્યવસ્થા " સાથે સર્વ વૃત્તાંત રાજાને લખી જણાવે છે. કુમારપાળ તે બન્ને માગણીને માન આપીને તે પ્રમાણે વર્ત્તવાને કબુલ કરે છે. આ જ સમયે કોઇ ચાર વણિક્જન હાજર થાય છે ને રાજાને વિનંતિ કરે છે ' દેવ ! આપણા નગરનો અલંકારસદૃશ કુબેર નામનો ધનવાન્ વણિક્ સમુદ્રમાર્ગે આવતાં રસ્તામાં ડુબી ગયેલ છે. તે નિષ્પુત્ર હોવાથી તેના ધનને ગૃહણ કરવા માટે કોઇ સેવકને મોકલી આપો, જેથી તેની ઉત્તરક્રિયા શરૂ થાય. રાજા આ સાંભળી ઘણો દિલગીર થાય છે. આ સમયે કવિએ કરૂણરસ કંઇક ઠીક ઉતારેલ છે, જે ખાસ વાંચનીય છે. સવિષાદ કુમારપાળ કુબેરશ્રેષ્ઠીના ઘરે પધારે છે. રાજા ત્યાં કુબેરશ્રેષ્ઠીની દાનશાળા, ચૈત્યાલય, પુસ્તકસ્થાન તથા બીજાં અનેક વિભૂતિદર્શક સાધનો નિહાળી ઘણો ખુશી થાય છે; આ સર્વેમાં ચૈત્યનું વર્ણન કવિએ અત્યુત્કટ ચિતર્યું છે. રાજા પછી કુબેરની માની પાસે જઈ દિલાસો આપે છે. કુબેરના મિત્ર વામદેવને બોલાવી કુબેરના મૃત્યુઘટનાનું વર્ણન પૂછી જુએ છે. એજ અરસામાં કુબેર પોતાની નૂતન પત્ની સાથે આવી પ્હોંચે છે. જેને નિહાળી સકળ મહાજન તથા પૌરલોક આનંદ પામે છે. રાજા પણ તેનું વૈચિત્ર્યવાળું વૃત્તાંત સાંભળી, તેનું કુશળ ઇચ્છી મધ્યાન્હ થયેલ હોવાથી નિજ આવાસે પધારવાની રજા માગે છે.

( ચાલુ. )

છોટાલાલ મગનલાલ શાહ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આદત અથવા સ્વભાવ.

( ૧૬ )

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

આજકાલ જ્યાં જોઈએ ત્યાં ઉન્નતિના પોકારો સંભળાય છે. ભારતવર્ષની ઉન્નતિ અર્થે સેંકડો સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. અનેક નેતાઓ ભારતવર્ષની ઉન્નતિ અર્થે ભગીરથ પ્રયત્નો કરી રહ્યા છે. આ સર્વનું ઘણુંજ થોડું પણ હિતકર પરિણામ અવશ્ય આવ્યું છે. પરંતુ એટલું કરવા છતાં પણ ભારત વર્ષની પ્રાચીન સુખસમૃદ્ધિ તેમજ ગૌરવની એક પણ સ્થાયી ઝલક આપણા જોવામાં આવતી નથી. જ્યારે આપણે આપણા ગત વૈભવો, વિદ્યાચાતુર્ય તથા કળાકૌશલ્ય તરફ દ્રષ્ટિ ફેંકીએ છીએ ત્યારે આપણે વર્તમાન ભારતવર્ષની દશા જોઇને મંત્રમુગ્ધ તથા અવાક્ બની જઈએ છીએ. ત્યારે મનમાં એ સ્વાભાવિક પ્રશ્ન ઉઠે છે કે આપણી એ અવનત દશાનું કારણ શું છે ? એ પ્રશ્નનો મહા સમર્થ વિદ્વાનોએ, રાજનીતિ નિપુણ નેતાઓએ તેમજ સ્વદેશની દશાના વિચાર કરનાર હિતચિંતકોએ જે જવાબ આપ્યો છે તેનો સંક્ષિપ્ત સારાંશ એટલોજ થઈ શકે છે કે આ દેશમાં ક્રમે ક્રમે સત્ય તેમજ ઉદ્યોગનો હ્રાસ થતો જાય છે તથા લોકોપકાર તેમજ ધર્મનું સ્વરૂપ બગડી ગયું છે. અર્થાત્ બીજા શબ્દોમાં કહીએ તો પહેલાં આપણે હતા તેવા હવે નથી. અત્યારે સઘળા લોકો આ વાતનો એક મતે સ્વીકાર કરી રહ્યા છે કે પાશ્ચાત્ય દેશોની શ્રેષ્ઠતા તથા ઉન્નતિએ તેઓને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખ્યાં છે. આનું કારણ વિચારતાં એટલુંજ પ્રતીત થાય છે કે તે રાષ્ટ્રોના પ્રત્યેક વ્યક્તિ સતત ઉદ્યોગ કરીને પોતાની તથા પોતાતા રાષ્ટ્રની ઉન્નતિમાં ભાગ લે છે. જો આપણે પણ આપણી આદતો બદલીને તેઓની માફક ઉદ્યોગી થવાનો પ્રયત્ન કરીએ તો આપણે પણ ઉન્નતિ સાધીને આપણું પ્રાચીન સ્થાન પ્રાપ્ત કરી શકીએ અને આ માનવ જીવનના સંગ્રામમાં વિજય મેળવી શકીએ.

આપણે મનુષ્યને સ્વભાવોનો એક સમૂહ કહી શકીએ, કેમકે તેની દશા તેના સ્વભાવોનાંજ ફલરૂપ છે. આપણને સારી કે ખરાબ આદતોનાં ફલરૂપ સુખ કે દુઃખ મળ્યા કરે છે. જીવનની સફલતાનો આધાર ઘણે અંશે મનુષ્યની સારી ટેવો ઉપરજ રહેલો છે. કોઈ કાર્ય કરવાની અથવા બીજી કોઇપણ બાબતની ટેવ સહજ વાતમાંજ પડી જાય છે. પરંતુ સ્મરણમાં રાખવું કે ખરાબ ટેવો તે કરતાં પણ અધિક સરલતાથી પડી જાય છે. શરૂઆતમાં તો તે તુચ્છ લાગે છે, પરંતુ સમય જતાં તેનો અધિકાર એવો પ્રબલ જામી જાય છે કે તેનાથી છૂટવું લગભગ અશકય બની જાય છે. પ્રત્યેક મનુષ્યને કોઇને કોઇ નવી આદતો તરૂણ અવસ્થામાંજ પડે છે. પછી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી હોય કે ખરાબ, પણ તે તેનાં આચરણમાં એટલી સુદૃઢ જામી જાય છે કે પ્રાકૃતિક જેવીજ લાગે છે. ખરાબ આદતોને લઇને પોતાનું માન ઘટી ગયું છે એમ જ્યારે કોઇ મનુષ્યના જાણવામાં આવે છે ત્યારે તે તેને છોડવાનો પ્રયત્ન કરવા લાગે છે, પરંતુ તે તેમ કરી પણ શકતો નથી તેમજ ઘણે ભાગે તેનામાં તેટલી હીમ્મત પણ નથી રહેતી. જો ખરેખરૂં સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો સારી તેમજ ઉત્તમોત્તમ આદતોજ શા માટે ન પાડવી ? સારી આદતો કેવી રીતે પડશે એ બાબતનો ભય જરાપણ ન રાખવો જોઇએ. સારી આદતો પાડવાનું કાર્ય આપણે ધારીએ છીએ તેટલું કષ્ટદાયક અથવા શ્રમસાધ્ય નથી. જુઓ, અમુક સમયે અમુક કાર્ય કરવાની ટેવ પાડવાથી તે કાર્યમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે અને કેટલાક દિવસો સુધી એ ક્રમ મુજબ કાર્ય કરતા રહેવાથી બિલ્કુલ કષ્ટ જણાતું નથી અને આનંદ થવા લાગે છે. ઉક્ત તત્વાનુસાર આચરણ કરવાથી આપણે આપણી ખરાબ આદતો પણ પ્રયત્નથી છોડી શકીએ છીએ. પ્રત્યેક મનુષ્યે પોતાના જીવન સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવા માટે તથા પોતાનાં હિત અર્થે કેટલીક વિશિષ્ટ આદતો હમેશાં પાડવી જોઈએ. આ સ્થળે એવી વિશિષ્ટ આદતોનું અને તે સઘળીને પોતાનાં જીવનમાં વ્યવહારિક બનાવવાના ઉપાયોનું વર્ણન કરવામાં આવશે કે જે દરેક મનુષ્યને પોતાનું જીવન સાર્થક કરવામાં સહાયભૂત બનશેજ એવી આશા છે.

## ૧—પ્રત્યેક દિવસનો કાર્યક્રમ પહેલેથીજ નિશ્ચિત કરી લ્યો.

આ નિશ્ચય આગલે દિવસે સાયંકાળે કરી લેવો જોઇએ અને બીજે દિવસે પ્રાતઃકાળમાં ઉઠતાં વેંતજ તે અનુસાર કાર્ય કરવા લાગવું જોઇએ. એ રીતે કાર્ય કરવાથી એક દિવસમાં કેટલું કાર્ય પુરૂં થઇ જાય છે એ જોઈને આશ્ચર્ય થશે. અનિશ્ચિત તેમજ અવ્યવસ્થિત રીતે કાર્ય કરવાથી બે દિવસમાં પણ તેટલું કાર્ય નથી થઇ શકતું કે જેટલું નિશ્ચયપૂર્વક કરવાથી એક દિવસમાં તેમજ ઉત્તમતાપૂર્વક થઇ શકે છે. તે ઉપરાંત અનિશ્ચિત તેમજ મનમાની રીતે કામ કરવામાં આપણે આખા દિવસમાં શું કર્યું તે પણ જાણવામાં આવતું નથી. નિશ્ચિતક્રમથી કાર્ય કરવામાં એક એ પણ લાભ રહેલો છે કે પ્રતિદિનની આવશ્યકતા તેમજ મર્યાદા બહાર જવાનું ગમતુંજ નથી. શરૂઆતમાં, આદત ન હોવાને લઈને અથવા કોઇ અચાનક મુશીબતને લઇને નિશ્ચયાનુસાર કામ કદાચ ન થઇ શકે, તો પણ તેનાથી નિરાશ ન થવું જોઇએ. જો એક દિવસનું નિશ્ચિત કાર્ય તેજ દિવસે પુરૂં ન થાય અને તેમાં કેવળ આપણોજ દોષ હોય તો તે માટે આપણે આપણી જાતને અપરાધી ઠરાવીને માત્ર પશ્ચાતાપ કરવો જોઇએ એટલુંજ નહિ પણ ભવિષ્યમાં એવું ન બને એ માટે પ્રયત્ન કરવો જોઈએ.

## ૨—નિરંતર પરિશ્રમ કરતા રહો.

જો દુર્ભાગ્યવશાત્ તમે એમ માનતા હો કે તમે “ અચાનક બુદ્ધિમાન ” છો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સર્વ વસ્તુઓ તમારી પાસે તેની મેળેજ આવી જશે તો તમે તમારી એ માન્યતા સત્વર તજી દ્યો એજ સારૂં. દૃઢતાપૂર્વક માનો કે જે કાંઇ તમને મળે છે તેની કિમ્મત તમારો પરિશ્રમજ છે. કોઇ પણ વસ્તુ મેળવવા માટે ઉક્ત દ્રવ્યનો વ્યય કરવો જોઇએ. આપણને જોઇને આશ્ચર્ય થાય છે કે પ્રાચીન કાળના લોકો મોટા મોટા ગ્રંથો લખી નાંખતા હતા, પરંતુ તેની કુંચી કેવળ નિરંતર ઉદ્યોગ અથવા પરિશ્રમજ છે. નિરૂદ્યમી બનવા સમાન કોઇપણ ખરાબ સ્થિતિ નથી તેમજ કોઇપણ ખરાબ ટેવ નથી. વળી એવી કોઇપણ બીજી આદત નથી કે જે તેના જેટલી સરલતાથી પડી જાય, પરંતુ તજવાનો પ્રયત્ન કરતાં છતાં પણ કદિ ન તજાય. નિરૂદ્યમી મનુષ્ય સત્વર મલીન, નીચ અને આળસુ બની જાય છે અને તેનો સ્વભાવ રેડ-ઇન્ડીયન ( હિંદુસ્તાની કહીએ તો પણ ચાલી શકે ) લોકોની જેવો થઇ જાય છે. તે એમ માને છે કે "દોડવા કરતાં ચાલવું સારૂં છે, ચાલવા કરતાં ઉભા રહેવું સારૂં છે, ઉભા રહેવા કરતાં બેસી રહેવું સારૂં છે, અને બેસી રહેવા કરતાં સુઇ રહેવું સારૂં છે." ઘણાએક મનુષ્યો અનેક કાર્યોમાં મગ્ન હોવા છતાં પણ ખરેખરા પરિશ્રમી નથી હોતા. એવા મનુષ્યો તેજ હોય છે કે જેઓ પોતાનાં કર્તવ્યોની ઉપેક્ષા કરીને પોતાની મૂર્ખતા છુપાવવા માટે નકામો કાર્યભાર ઉઠાવી લે છે.

ઉદ્યોગી તેમજ પરિશ્રમી મનુષ્યને અવકાશ પણ અધિક મળી શકે છે, કેમકે તે પોતાના સમયના ઉચિત વિભાગ પાડી શકે છે. નિશ્ચિત કાર્ય યથાસમય પુરૂં થયા પછી તેને ફુરસદ મળી શકે છે. સારાંશ એ છે કે ઉત્કૃષ્ટતા અથવા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે ઉદ્યોગ કરવાનીજ આવશ્યકતા છે. "ઉદ્યોગી મનુષ્યને એકજ ભૂત સતાવે છે. પરંતુ નિરૂદ્યોગી મનુષ્યને સેંકડો ભૂત સતાવે છે." વિચાર કરવા જેવી વાત છે કે જો આપણે હમેશનો કાર્યક્રમ નિશ્ચિત કરીને તે યથાસમય પુરૂં કરવાનું શીખી લઇએ તો આપણે દુષ્ટ-સંગતિ, કુકર્મ-પ્રવર્તક બન્ધન તેમજ આપણી આબરૂને હાનિકારક તથા શુભચિંતકોને અસંતુષ્ટ કરનાર અનેક પ્રસંગોથી બચી શકીએ છીએ.

## ૩—કાર્ય પૂરૂં થાય ત્યાંસુધી તેમાં દૃઢતાપૂર્વક મંડયા રહો.

એકજ અભ્યાસ તથા એકજ સંકેતમાં વર્ષો સુધી મનોનિગ્રહપૂર્વક તે પુરૂં થાય ત્યાંસુધી મંડ્યા રહેવું જોઇએ. કેટલાક મનુષ્યો એવા હોય છે કે તેઓ જ્યારે કોઇ સ્થળે એવું વાંચે છે કે સાંભળે છે કે અમુક મનુષ્યે અમુક ઉદ્યોગ કર્યો અને તેને ઉત્તમ સફલતા મળી ગઇ ત્યારે તેઓ પણ તે પ્રમાણેજ કરવાનો વિચાર કરે છે. વિચાર કર્યા વગર તે કાર્ય શરૂ કરી દેવામાં આવે છે અને તે લોકો પોતાનાં કાર્યની મહાન પ્રશંસા કરવા લાગે છે. કેટલાક દિવસો વીત્યા બાદ તેઓ એ કાર્ય પડતું મૂકે છે અને બીજું કાર્ય હાથ ધરે છે. એક વિદ્યાર્થી પોતાની ઉન્નતિ કરવા ઇચ્છતો હતો. તેણે કોઇ ગ્રંથમાં વાંચ્યું કે કોઇ એક મહાત્મા તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્વાન પુરૂષે પોતાના ઘરના દરવાજા ઉપર " कालो गच्छति जल्पतां प्रतिदिनं " લખી રાખ્યું હતું. તે વાંચીને તેણે પણ પોતાના ઘરના દરવાજા ઉપર મોટા અક્ષરે તે પ્રમાણે લખી નાંખ્યું. પછી તેણે કોઇ સ્થળે વાંચ્યું કે એક મહા સમર્થ વિદ્વાન પુરૂષ તુલસીદાસની ઘણીજ પ્રશંસા કર્યા કરે છે. તે વિદ્યાર્થીએ તરતજ અન્ય સર્વ વસ્તુ તજી દઈને તુલસીદાસના ટીકા સહિત ગ્રંથો ખરીદ્યા અને તે ઘણી ઉત્સુકતાથી બધા ગ્રંથો વાંચવા લાગ્યો. કેટલાક દિવસો પછી તેનાં સાંભળવામાં આવ્યું કે એક બુદ્ધિમાન મનુષ્યે જે કાંઇ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે સઘળું તેણે કેવળ સંભાષણદ્વારાજ કર્યું છે. તરતજ તેની એવી ઇચ્છા થઇ કે તુલસીદાસના ગ્રંથો એક બાજુ મૂકીને તેણે સંભાષણદ્વારાજ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. બસ, તેણે એક ઘરથી બીજે ઘરે અને એક મનુષ્યથી બીજા મનુષ્ય પાસે જવાનું તથા સંભાષણ કરવાનું શરૂ કરી દીધું. આ રીતે જે મનુષ્ય વારંવાર પોતાના વિચારો બદલ્યા કરે છે અને પાંચ દશ દિવસોમાં કાંઇને કાંઇ નવું કાર્ય શરૂ કર્યા કરે છે તેનું સમસ્ત જીવન નિરર્થક બની જાય છે. જે મનુષ્ય બે આવશ્યક કર્તવ્યોમાં હમેશાં એવી શંકા રાખ્યા કરે છે કે તેણે કયું કાર્ય પહેલું કરવું જોઇએ તે બેમાંથી એક પણ પુરૂં કરી શકતો નથી. તે મનુષ્ય કોઈપણ મહત્વપૂર્ણ કાર્ય કરી શકતો નથી કે જે સંપૂર્ણ વિવેક સહિત સારૂં કાર્ય કરવાનો નિશ્ચયજ નહિ, પરંતુ આરંભ પણ કરીને પોતાના કોઇ સ્નેહીના કહેવાથી પોતાનો એ નિશ્ચય બદલી શકે છે. આ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે ઉદ્દેશ સારો હોવા છતાં પણ આજનું કાર્ય આવતી કાલે કરવાની ટેવ પાડવાથી તે કાર્ય પૂરૂં થઇ શકતું નથી; ઉપરાંત તેનાથી ચરિત્રગંઠનની દૃષ્ટિએ તમને જે નુકસાન થાય છે તે તો જુદું. તમારામાં સઘળાં કાર્યો મુલ્તવી રાખવાની ટેવ પડતી જશે. એક કાર્યપૂર્ણ દિવસ ઇચ્છાપૂર્ણ સપ્તાહથી વધી જાય છે.

## ૪—યથાસમય કાર્ય કરવાની ટેવ પાડો.

પ્રત્યેક મનુષ્ય યથાસમય કાર્ય કરનાર બની શકે છે, પરંતુ જેવી રીતે બનવું જોઇએ તેવી રીતે સૌ બની શકતા નથી. થોડો પણ વિલંબ કરીને સઘળાં કાર્યો કરવા સહજ છે, પરંતુ યોગ્ય સમયે કાલ-નિયમ અનુસાર કાર્યો કરવાનું એટલું સહજ નથી. નિયમ સમયે કામ કરનાર મનુષ્યનું કાર્ય બીજા કરતાં દ્વિગુણ સારૂં હોય છે અને તેને સંતોષ પણ દ્વિગુણ થાય છે. જે લોકો યથાસમયે કાર્ય પુરૂં ન કરતાં મુલ્તવી રાખ્યા કરે છે તેઓ એમ કહેતા હોય છે કે–"મને આ કાર્ય કરવામાં ઘણી વાર લાગી, પરંતુ એવું કેવળ એક વખત જ બનવા પામ્યું છે. મેં આજનું કાર્ય યથાસમય નથી કર્યું; પરંતુ એવું એકજ વાર બન્યું છે." એક વખત કોઈપણ કાર્ય અમુક સમય સુધીમાં પુરૂં કરી નાંખવાનો નિશ્ચય થઈ ગયા પછી તે પુરૂં કરવું જ જોઈએ. અત્યંત ખેદ, શોક અને શરમની વાત છે કે આપણા લોકોમાં કાલાતિક્રમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની ઘણી જ ખરાબ આદત પડી ગઇ છે. કોઇની મુલાકાત લેવા જઇએ તો તેનો મેળાપ થવામાં બે ચાર કલાક અથવા કોઇ કોઇ વખત એક દિવસ પણ પસાર થઇ જાય છે. સમયનું મૂલ્ય નહિ જાણવાને લઇને પાંચ સાત કલાકની કંઇ પણ કિમ્મતજ સમજવામાં આવતી નથી. જાતીય નિમંત્રણોમાં, પંચાયતોમાં તેમજ ભાષણ વિગેરેના મેળાવડાઓમાં આ વાત નિરંતર પ્રત્યક્ષ રીતે પ્રતીત થયા કરે છે. કોઇ ગૃહસ્થને ઘરે ચાર વાગ્યાનો સમય નિમંત્રણમાં નિશ્ચિત કરવામાં આવ્યો હોય અને સઘળા માણસો સાત વાગ્યા સુધીમાં પણ હાજર થઇ જાય તો ગૃહસ્વામીએ પોતાનો ભાગ્યોદય થયો એમ સમજવું. પોતાના તથા બીજાના સમયનું મહત્વ ન જાણવું એ ભારતની અવનતિનું એક સવિશેષ કારણ બન્યું છે. જો કે ચાલુ જમાનાની સાથે આગળ વધેલા સમજુ લોકો આ દિશામાં યોગ્ય અને સંતોષકારક ફેરફાર કરવા લાગ્યા છે એમ દૃષ્ટિગોચર થાય છે.

## ૫—પ્રાતઃકાળમાં પથારીમાંથી જલ્દી ઉઠો.

પ્રાતઃકાળમાં વ્હેલા ઉઠવાથી અનેક લાભ થાય છે. જેટલા દીર્ઘાયુ તથા વિખ્યાત પુરૂષો થઇ ગયા છે તે સઘળા ઘણે ભાગે સૂર્યોદય પહેલાં જ ઉઠતા હતા. મોડા ઉઠવાથી આપણા કાર્યોનો આરંભ પણ મોડો જ થાય છે, જેથી દિવસનો સર્વ કાર્યક્રમ બગડી જાય છે, આખો દિવસ કામ કર્યા કરવા છતાં પણ સઘળાં કાર્યો રાત્રિ સુધી પુરા થઇ શકતા નથી; કીર્તિ અને સફલતા પ્રાપ્ત કરવા માટે પ્રાતઃકાળમાં વ્હેલા ઉઠવાની અત્યાવશ્યકતા છે.

સવારમાં વ્હેલાં ઉઠવા માટે રાત્રે વ્હેલાં સુવાની જરૂર છે. વ્હેલાં સુઇ જવાથી દૃષ્ટિમાં મંદતા નથી આવતી અને શરીર નિરોગી રહે છે; કેમકે રાત્રિનો પૂર્વભાગ જ સુવાનો પ્રાકૃતિક સમય છે. ઐતિહાસિક દૃષ્ટાંતોથી આપણને માલૂમ પડે છે કે કેટલાક રાજાઓ દ્રવ્ય ખર્ચીને પ્રાતઃકાળમાં વ્હેલા ઉઠવા માટે પ્રબન્ધ કરતા હતા. આજકાલ એ પ્રમાણે નોકરો રાખવાની જરૂર નથી. જ્યાંસુધી વ્હેલા ઉઠવાની ટેવ ન પડે ત્યાંસુધી નોકરનું કાર્ય 'એલાર્મ' વાળી ઘડીયાળ આપી શકે છે. જે મનુષ્યો પોતાની ઉન્નતિ કરીને કીર્તિ પ્રાપ્ત કરવા ઇચ્છતા હોય તેઓએ અવશ્યમેવ વ્હેલાં ઉઠવાની ટેવ પાડવી જોઇએ.

## ૬—જે જે મનુષ્યોની સાથે મેળાપ થાય તેની પાસેથી કાંઇને કાંઇ બોધ ગ્રહણ કરો.

આ કાર્ય પ્રાયે કરીને સઘળા લોકો કર્યા કરે છે, પરંતુ તેની આદત પાડીને તથા તેનું મહત્વ સમજીને નહિ. સંસારમાં જેવી રીતે આંખો ખુલ્લી રાખવાની આવશ્યકતા છે તેવીજ રીતે કાન પણ ખુલ્લા રાખવાની પરમ આવશ્યકતા છે. દરેક વસ્તુ, દરેક કાર્ય, દરેક મનુષ્ય તેમજ સંસારની દરેક સ્થિતિમાંથી કાંઇને કાંઇ જ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીખી શકાય છે. આ પ્રકારની આદતથી મનુષ્ય થોડા સમયમાં જ બાહોશ સજ્જન બની શકે છે.

## ૭—જે કાંઇ વિચાર કે કાર્ય કરો તેને માટે તમારી પાસે દૃઢ સિદ્ધાંત હોવો જોઇએ.

કોઇપણ કાર્ય કરવા પહેલાં તેના આદિ-અન્ત તેમજ હાનિ-લાભનો પુરેપુરો વિચાર કરીને જ અંતિમ નિર્ણયપર આવવું જોઇએ. જો તમારો નિર્ણય કોઇ અનુભવસિદ્ધ સિદ્ધાંત અનુસાર હોય છે તો કાર્યારંભ કરવાથી તમને અવશ્ય લાભ થાય છે. જે મનુષ્યનું કાર્ય કોઇ પણ સિદ્ધાંત રહિત હોય છે તેને સફળતા મળતી નથી. સિદ્ધાંત રચવામાં કે શીખવામાં જરાપણ ઉતાવળ ન કરવી જોઇએ. ઉતાવળ કરવાથી ઉત્તમ વિચારશક્તિ હોવા છતાં પણ ભૂલ થઇ જાય છે. દૃઢ રીતે સંપૂર્ણ વિચારપૂર્વક સિદ્ધાંતનો નિશ્ચય થઇ ગયા પછી જરૂર પડે તો પોતાના પ્રાણ પણ અર્પણ કરવા સહર્ષ તૈયાર થવું જોઇએ.

## ૮—વ્યક્તિગત આચરણમાં અર્થાત્ શરીર તથા વસ્ત્રના સંબંધમાં સાદાઈ અને સ્વચ્છતા રાખો.

શરીર આત્માનું કેવળ નિવાસ સ્થાન હોવાથી તેનું વિશેષ અભિમાન ન રાખવું જોઇએ. જેવી રીતે કોઇ ઉત્તમ ગૃહસ્થ પોતાના ઘરની અંદર તેમજ બહાર સાફાઇ રાખે છે તેવી રીતે પહેરવાનાં કપડાં પણ સાદા અને સ્વચ્છ રાખવા જોઇએ. ' હું કેટલીવાર નવાં કપડાં કરાવી અથવા ખરીદી શકું છું.' એવી ચિંતા આપણને ન હોવી જોઇએ, પરંતુ ' હું એક વાર કપડાં કરાવીને કેટલાં સમય સુધી સારા સુરક્ષિત રાખી શકું છું ' એવી ચિંતા હોવી જોઇએ. કેવળ વસ્ત્રોની ઉત્તમતા ઉપર ધ્યાન આપવામાં જીવનની સફલતા રહેલી નથી.

દાંતની સ્વચ્છતા ઉપર વિશેષ સાવધાની રાખવાની જરૂર છે. હમેશાં દંતમંજન, રાખ અથવા દાતણવડે તે સાફ કરવા જોઇએ. તેમ કરવાથી વૃદ્ધાવસ્થા સુધી દાંત કામ આપી શકશે. શરીરના માત્ર એ અંગ ઉપર ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે દાંતો અસ્વચ્છ હોવાથી દુર્ગન્ધયુક્ત શ્વાસ નીકળે છે. દાંત તથા જડબાની અંદર વેદના થાય છે, અન્નનું સારી રીતે ચર્વણ નહિ થવાથી આરોગ્યતા નષ્ટ પામે છે અને પછી દાંત પડી જાય છે તો કોઇ ઉપાય ચાલી શકતો નથી.

## ૯—જે કાંઇ કાર્ય કરો તે ઉત્તમ રીતે કરો.

કોઇ પણ કાર્ય ખરેખરા દિલથી કરવું જોઇએ, નહિ તો તે ઉત્તમ રીતે કદિ પણ નહિ બની શકે. આપણા લોકોની એક એવી ખરાબ ટેવ છે કે પ્રશ્ન કરતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે આપણે પૂછીયે છીયે કે " અમુક માણસે અમુક કાર્ય કેટલા સમયમાં પુરૂં કર્યું ? " એમ ન પૂછતાં પ્રશ્ન એમ હોવો જોઇએ કે " તેણે અમુક કાર્ય કેટલી ઉત્તમ રીતે પૂર્ણ કર્યું ? " જે કાર્ય કરવાનું હોય છે તે ઉત્તમ રીતેજ કરવું જોઇએ. કોઇ એમ કહેશે કે એવી રીતે કોઇ પણ કાર્ય થોડા વખતમાં પુરૂં થઇ શકશે નહિ. પરંતુ પહેલેથી જ સારી રીતે કાર્ય કરવાની આદત પડયા પછી હસ્ત–કૌશલ વધી જાય છે અને તે કાર્ય પણ જલ્દી પુરૂં થઇ જાય છે. યુનાની કવિ યુરિપિડિસ હમેશાં કવિતાની ત્રણ લીંટી બનાવતો હતો. તેના સમયનો એક બીજો કવિ હમેશાં ત્રણસો લીંટી બનાવતો હતો. કહેવાની જરૂર નથી કે અત્યારે સાહિત્ય ક્ષેત્રમાં તે થોડું, પણ પુરા દીલથી સરસ કાર્ય કરનાર કવિની કવિતા જ જીવંત છે.

## ૧૦—મનોવૃત્તિઓને સ્વાધીન રાખવાનો યત્ન કરો.

જે મનુષ્યની વૃત્તિઓ તેને આધીન નથી હોતી તેને સંસારમાં ઉચ્ચ સ્થાન મળી શકતું નથી. મનોવૃત્તિઓને સ્વાધીન રાખવાનું કાર્ય સહેલું નથી. જે મનુષ્ય કામ, ક્રોધ, માન, મદ, લોભ, મત્સર આદિ શત્રુઓને જીતી શકે છે તેજ ખરેખરો શૂરવીર અને વિદ્વાન છે. ઘણા મનુષ્યો પોતાના ઘરમાં તથા મિત્રોની સાથે ઉત્તમ વ્યવહાર રાખતા નથી. એને માટે શુદ્ધ અંતઃકરણ હોવાની આવશ્યકતા છે. જો બચપણથી કોઇ મનુષ્ય પાશવિક મનોવૃત્તિઓનો ગુલામ બની ગયો હોય તો તેણે તેનું ભાન થતાં વેંત જ સુધરવાનો યત્ન કરવો જોઇએ. આપણી વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ રહેવું જોઇએ. ઘણે ભાગે માનસિક દુઃખ અસંતોષથીજ ઉત્પન્ન થાય છે. હમેશાં ધ્યાનમાં રાખવું કે સર્વજ્ઞતા તથા સાર્વભૌમતા કોઇ વિરલ પુન્યશાળી પુરૂષને જ મળી શકે છે. વૃથા મનોરથો કરવાથી અસ્વસ્થતા તેમજ ખેદ થાય છે. એવી આદત નાશકર્તા છે. દુર્લભ આશાઓ રાખવામાં નિષ્ફલતા મળે છે ત્યારે મહા દુઃખ તથા પશ્ચાતાપ થાય છે. કલ્પનાની લગામ હમેશાં આપણા હાથમાં રાખવી જોઇએ.

## ૧૧—દૃઢ નિર્ણય–શકિત તથા તારતમ્યયુકત વિચાર--શકિત સંપાદન કરો.

લાખોમાં એકાદ મનુષ્ય એવો પણ હોય છે કે જે કોઇની સાથે એકવાર મેળાપ થતાં તેની યોગ્યતાનું માપ કરી શકે છે. એવો વિરલ પુરૂષજ સમાલોચક બની શકે છે કે જે કોઇપણ પુસ્તકના બે ચાર પૃષ્ઠ વાંચીને તેના ગુણ–દોષ બતાવી શકે છે. કોઇ મનુષ્ય અથવા ગ્રંથકાર વિષે મનમાં દ્વેષ અથવા વિરોધ ઉત્પન્ન થયા પછી તેને મનમાંથી દૂર કરવાનું કઠિન બની જાય છે. એનાથી મનમાં પક્ષપાત ઉત્પન્ન થાય છે અને આપણો નિર્ણય દોષ પૂર્ણ રહે છે. ન્યાયી તથા શુદ્ધ બુદ્ધિની પ્રાપ્તિ ઈશ્વરની સવિશેષ કૃપાવડે જ થઇ શકે છે, વળી સર્વ કાર્યોમાં નિષ્પક્ષપાતપણે તે વાપરવાની શકિત મહાભાગ્યશાળી પુરૂષો જ પ્રાપ્ત કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૨—કુટુંબી જનો, મિત્રો, સેવકો વિગેરે પ્રત્યે યોગ્ય વર્તન રાખો.**

એ સર્વની સાથે ઘરમાં નમ્ર તથા આકર્ષક આચરણ દ્વારા અને બહાર ગયા હોઇએ ત્યારે ચીઠ્ઠી પત્રો દ્વારા સ્નેહ–સંબંધ સ્થિર રાખવો જોઇએ. તેઓની સાથે જેવા પ્રકારનું વર્તન રાખવું જોઇએ તે પ્રમાણે વર્તવાની ટેવ પાડવી જોઇએ. આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે કોઇ કોઈ વખત નવા મિત્રોની સાથે અતિ પરિચયને લઇને પ્રેમભાવ ઘટી જતાં સ્નેહ–સંબંધ ક્ષીણ થઇ જાય છે. અતિ પરિચય થતાં આપણે એના દોષોજ જોવા લાગીએ છીએ અને મહાન ગુણોનું મહત્વ વિસરી જઇએ છીએ.

પ્રિયવાંચક ! ઉપરોક્ત આદતો ગ્રહણ કરવાથી કુટુંબ, જાતિ, સમાજ તેમજ દેશનો ઉદ્ધાર કરવામાં ઘણી જ સહાયતા કરવા આપણે સમર્થ બનીએ છીએ.

ભારત વર્ષની ઉન્નતિ કરવાની તથા જીવન-સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનાર સજ્જનોએ ઉપરોક્ત આદતોનો અભ્યાસ અવશ્ય કરવો જોઇએ. એમ કરવાથી આપણા જીવનનો હેતુ સફલ થશે અને આપણે સાંસારિક તથા પારલૌકિક સુખના યોગ્ય અધિકારી બની શકશું. —ચાલુ.

## સાધુતાના લક્ષણ.

સંતો સાધુપુરૂષ કેસા—સંતો ( ૨ ) નહીં કોઇ સાથ લેવા દેવા. સંતો—

નિઃસ્પૃહતાને ભિન્નપણાથી, સદ્વર્તન મન રાખે;
પર ઉપકારી ભાવ રમણતા, વચનો વિનયી ભાખે. સંતો—

સમતારસનું પાન કરીને, સંતોષેથી રહેતા;
દીલ દયા દરીયા સમ રાખે, એક સ્વરૂપે વહેતા. સંતો—

નિંદા પ્રશંસા દીલ નવી આણે, રાગ રોષ પણ નાંહી;
માનાપમાનો પણ ન પીછાણે, સદ્વિચારે વાહી. સંતો—

અરિ મિત્ર બરાબર જાણે, નીચ નરેશ સમાના;
પારસને પાષાણ ગણે સમ, વીચરે જૈસા જમાના. સંતો—

કંચન કામીનાં સંગ તજીને, આપ સ્વભાવે રહેતા;
આનંદમય મૂર્તિ જબ પ્રગટે, અમર અચલ પદ લહેતા. સંતો—

**શા. અમૃતલાલ માવજી—કલકત્તા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિત--ઉપદેશ ( શાસન રહસ્ય )

૧ કોઈ રાજા મહારાજાની આજ્ઞાનો ભંગ કરવાથી એકજવાર પ્રાણ નાશ થાય છે, પરંતુ વીતરાગ-સર્વજ્ઞની એકાન્ત હિતકારી આજ્ઞાનો સ્વચ્છંદતાથી ભંગ કરનારને અનંતિવાર તેની શિક્ષા ભોગવવી પડે છે.

૨ જેમ માન-મર્યાદા વગરના ભોજનથી જીવિતનો નાશ થાય છે અને મર્યાદાસર ભોજન કરવાથી જીવિતની રક્ષા થવા પામે છે. તેમ રૂડી ધર્મ-મર્યાદાનો લોપ કરી સ્વેચ્છાથી ધર્મકરણી કરવા વડે સંસાર-ભ્રમણ કરવું પડે છે, અને ધર્મનું પવિત્ર રહસ્ય સમજી, દ્રઢ શ્રદ્ધા રાખી તેનું યથાવિધિ પ્રેમપૂર્વક પાલન કરવાથી જન્મ મરણનો અંત કરી અંતે અક્ષય સુખની પ્રાપ્તિ થઇ શકે છે.

૩ અલ્પ ખા ને ગમ ખા-એ કહેતીથી વિચક્ષણ ભાઇ બ્હેનોએ ખાવાપીવામાં તથા બોલવામાં ભારે વિચાર ( મર્યાદા ડહાપણ ) આદરતા રહેવાની જરૂર છે; કારણકે ઉપેક્ષા કરવાથી વખતે ભારે ભયંકર પરિણામ આવે છે. અનાદિ અભ્યાસ એકાએક સર્વથા છુટવો મુશ્કેલ છતાં અંતરની લાગણી-ખંતભરી સાવધાનતાથી તેમાં ઘણોએક સુધારો થવા સંભવ છે. માણસ ધારે તે પુરૂષાર્થથી કરી શકે છે.

૪ ખરેખર ઉત્સર્ગ અને અપવાદ કહો કે, વિધિ અને નિષેધ વા મુખ્ય અને ગૌણ માર્ગો પોતપોતાના સ્થાનમાં કલ્યાણ કરનાર અને બળવાન હોય છે. બીજા બીજાના સ્થાનમાં અનર્થ કરનાર અને દુર્બળ હોય છે. પુરૂષ વિશેષથી સ્વસ્થાન અને પરસ્થાન થવા પામે છે. સમર્થ-સશક્ત-સહનશીલને ઉત્સર્ગ-વિધિમાર્ગ સ્વસ્થાન અને અપવાદ ( ગૌણ-નિષેધ ) માર્ગ પરસ્થાન છે. અસમર્થ અશક્ત-અસહનશીલને અપવાદ સ્વસ્થાન અને ઉત્સર્ગ પરસ્થાન લેખાય છે.

૫ મિથ્યાત્વ સમાન કોઇ શત્રુ ઝેર, રોગ કે અંધકાર નથી. શત્રુ, ઝેર, રોગ કે અંધકાર એકજ ભવમાં દુ:ખ આપે છે, ત્યારે જેનો ઉચ્છેદ કરવો ભારે મુશ્કેલ છે એવા મિથ્યાત્વ ( વિપરીત વાસના-બુદ્ધિ યા શ્રદ્ધા ) વડે ભવોભવમાં દુ:ખ થાય છે. જવાળાઓવડે વ્યાપ્ત-વિકરાળ અગ્નિમાં દેહને હોમી દેવો કોઇક રીતે ઠીક, પણ મિથ્યાત્વ યુક્ત જીવવું એ કદાપિ સારૂં નથી.

૬ અજ્ઞાનતાથી યા ઉચ્છૃંખલવૃત્તિથી થોડું પણ ઉત્સૂત્ર-સૂત્ર વિરૂદ્ધ બોલવાથી તેમજ આચરવાથી બીજું ગમે તેટલું કષ્ટ ધર્મ નિમિત્તે કરતા છતાં જીવને જન્મમરણના અપાર દુ:ખ વેદવાં પડે છે. કેમકે તેથી બોધિ-બીજ સમાકતનો લોપ થાય છે અને અનંત ભવભ્રમણ વધી જવા પામે છે ) એટલા માટેજ ધીર-સુબુદ્ધિશાળી સજ્જનો પ્રાણાન્તે પણ ઉત્સૂત્ર ભાષણ કરતા નથીજ. થોડી પણ ગફલતથી કેવું ભયંકર પરિણામ આવે છે તેની ઉપર મરીચિ પ્રમુખના દાખલા શાસ્ત્ર પ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ કર્ત્તવ્યાકર્ત્તવ્યનું યથાર્થ ભાન રાખી કર્ત્તવ્યનિષ્ઠ રહેવારૂપ જયણાજ શ્રુત-ચારિત્ર ધર્મને પેદા કરનારી, તેનું રક્ષણ કરનારી ને પોષણ કરનારી હોવાથી તે સમ સર્વત્ર એકાન્ત સુખ આપનારીજ વખાણી ( કહી ) છે. ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજ કર્પૂરવિજયજી.

——(:)——

# સમયના પ્રવાહમાં કાંઇક.

હિંદુસ્તાનના કેટલાક ગામોમાં તો જૈન શાળાઓ ધાર્મિક શિક્ષણ માટે જન્મ પામી, થોડો વખત ચાલી, અને બંધ પડે છે કેટલેક સ્થળે મંદતાથી ચાલે છે, પરંતુ તેવા છુટા છવાયા કારણોથી જૈનકોમમાં ધાર્મિક કેળવણી હજુસુધી પણ વર્ષોનાં વર્ષો થયા છતાં પણ પદ્ધતિસર અપાતી નથી. તેની સાથે અનેક સ્થળોએ ચાલતી જૈનશાળાઓમાં તેવો અભ્યાસ કરાવવા માટે ધાર્મિક શિક્ષણ આપનારા તેવા માસ્તરો પણ મળી શકતા નથી, મળે છે તેટલાસામાયિક-પ્રતિક્રમણ અને સાધારણ પ્રકરણાદિનું જ્ઞાન જાણનારા મળી શકે છે, એટલે જ્યાં માસ્તરોજ ધાર્મિક શિક્ષણની નિપુણતાવાળા મળી શકતા ન હોય, જ્યાં શિક્ષક તરીકે કામ કરનાર ન હોય ત્યાં ઉંચું ધાર્મિક શિક્ષણ કયાંથી મળી શકે ? કહેવાય છે કે, શ્રી મેસાણા શ્રેયસ્કર મંડળ કે જેની વ્યવસ્થા કરનાર શેઠ વેણીચંદભાઇ સુરચંદ છે. તેઓ કેટલાક વખતથી ત્યાં પાઠશાળા, દવાખાનું, પુસ્તક પ્રસિદ્ધિ વિગેરે અનેક કાર્યો એકલા હાથે ચલાવ્યા જાય છે. પાઠશાળા તો ઘણા વર્ષોથી ચાલતાં છતાં અને ઘણા પૈસાનો વ્યય થયા છતાં, તેમાંથી તેવા સારા ધાર્મિક શિક્ષણ મેળવેલા વિદ્યાર્થીઓ સમાજના જાણવામાં નથી આવ્યા. કારણકે ભાવનગર જેવા શહેરની જૈન પાઠશાળામાં પણ સારા માસ્તર મળી શકતા નથી. તેના માટે તેમજ અન્ય શહેરની શાળાઓ માટે જૈનશિક્ષકો મેળવવાની અનેક વખતથી જૈનપત્રમાં જાહેર ખબર આવે છે, તે એજ બતાવી આપે છે કે ધાર્મિક શિક્ષણ આપનાર માસ્તરો, શિક્ષકોનો તોટો છે. જૈનસમાજ જાણવા માગે છે કે આટલા વર્ષોથી મેસાણામાં ચાલતી પાઠશાળામાંથી જ્યારે અનેક જૈન બાળકો શિક્ષણ મેળવી ગયેલ છે અને ઉદ્દેશ પણ પહેલેથી શિક્ષકો તૈયાર કરવાનો હતો તો બીજા ગામોની શાળાઓ માટે માસ્તરો કેમ મળી શકતા નથી ? વળી મેસાણા પાઠશાળા આટલા વરસોથી ચાલુ છતાં પૈસાનો સારો વ્યય થયા છતાં આજથી દોઢ વર્ષ ઉપર તે ખાતાના નોકર મી. દુર્લભજી કાળીદાસને તે પાઠશાળામા ભણનાર કોઇ વિદ્યાર્થીઓ ન હોવાથી વિદ્યાર્થીઓને શોધવા કેમ નીકળવું પડયું હતું ? આ ઉપરથી એમ સ્વાભાવિક બુદ્ધિશાળી મનુષ્યને જણાય કે કાંતો ધાર્મિક શિક્ષણ લેવામાં વિદ્યાર્થીઓને ત્યાં રસ પડતો નથી અથવા તો તે પાઠશાળાનાં નેતા અને વ્યવસ્થા કરનાર વયોવૃદ્ધ બંધુ શેઠ વેણીચંદ ભાઇ કેળવણી જેવા વિષયથી અજ્ઞાત હોય અથવા બીજા કોઇ કાર્યવાહક ન હોય એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવાનું કારણ મળે છે. શ્રીયુત વેણીચંદભાઇ ધર્મનિષ્ઠ ક્રિયાપાત્ર તેમજ ધાર્મિક કાર્યને માટે ફંડ વિગેરે કરવામાં નિસ્પૃહીપણે કુશળ છે એમ અમો માનીએ છીએ અને તેમના ધર્મનિષ્ઠપણા માટે માન પણ ધરાવીએ છીએ; પરંતુ કેળવણી જેવો ગહન વિષય તેઓ સમજી શકતા હોય તેમ તો સમાજ કે વિદ્વાન જૈન બંધુઓ માની શકતા નથી, એટલુંજ નહીં પરંતુ આવું સાર્વજનિક કેળવણી જેવું ખાતું, જેમની ઉમર શુમારે ૬૫–૭૦ વર્ષની પુખ્ત ઉમર થયા છતાં તે વિષયના તેઓ બીન અનુભવી છતાં તેઓના હાથમાં રહે તેપણ જેમ ઉમરના કારણે યોગ્ય નથી તેમ વળી તે ખાતામાં તેમના હાથ નીચે અથવા સાથે કેળવાયેલા કાર્યવાહકો કે નોકર ( આવા ખાતાની સારી વ્યવસ્થા કરી શકે તેવા ) હોય એમ ન હોવાથી પણ ઇચ્છવા યોગ્ય નથી. જો કે આ સંસ્થાની જરૂરીયાત છે અને તેને માટે અમોને માન પણ છે. કારણ કે હાલમાં તા–૧૩–૩–૨૩ના દિવસે પાલીતાણામાં શેઠ પ્રેમજીભાઇ નાગરદાસના પ્રમુખપણા નીચે ઉક્ત મંડળની જનરલ સભા મળી હતી ( જેની ટુંક હકીકત આ માસિકના પાને ૨૩૬ મે છે ) તે વાંચતા પણ જણાય છે કે—તે મીટીંગના પ્રમુખ પોતે પ્રમુખ સ્થાનેથી વેણીચંદભાઇ એકલા કામ કરનાર હોવાથી બીજાએ તેમને તનની મદદ કરવાની જરૂર છે. * * * અને અનિવાર્ય સંયોગો મળવાથી રિપોર્ટ મોડો બ્હાર પડયો છે. વિગેરે હકીકતો વાંચતાં અને સાંભળતાં મેસાણાની આ પાઠશાળા માટે વેણીચંદભાઇ જેમ તદન વૃદ્ધ થયા છે અને કેળવણીના વિષયના બીન અનુભવી છે તેમ તેના હાથ નીચેના કાર્યવાહકો પણ બીલકુલ નથી તેમ આ જનરલ મીટીંગના રીપોર્ટથી ચોક્કસ જણાય છે. સાંભળવા પ્રમાણે કેટલાક જૈન બંધુઓનું એવું કહેવું છે કે વેણીચંદભાઇનો આ વિષય અને અત્યારની ઉમ્મર તે માટે યોગ્ય નહિ છતાં તેઓ છોડવા કે બીજાને સોંપવા માગતા નથી; અમો તેમ એટલા માટે માની શકતા નથી કે વેણીચંદભાઇ જેવા ધર્મનિષ્ઠ વયોવૃદ્ધ પુરૂષ કે જેણે ઘણા વરસો સુધી આ ખાતાને મહેનત કરી સેવાભાવથી ઉછેર્યું છે, તે પોતાની હવે પછીની બાકીની ટુંકી જીંદગીમાં અને પાછળ તે લાંબો વખત ચાલે અને તેની પ્રગતિ થાય તે માટે બીજા કાર્યવાહકો અથવા તે ખાતું સંભાળી શકે તેવા પુરૂષોને સોંપવાને આનાકાની કરે ? શ્રીયુત વેણીચંદભાઇ ડાહ્યા અને અનુભવી માણુસ હોઇને તેઓએ હવે સમજવું જોઇએ કે, દરેક કોમ કેળવણીમાં કેટલી આગળ વધતી જાય છે. તે હિસાબે જૈન કોમને તેનાથી આગળ વધવું જોઇએ, પણ છેવટે સાથે ઉભા રહી શકે તેવી રીતે જમાનાને અનુસરી ધર્મનાં તત્વો ઉપર ધ્યાન રાખી, કેળવણીની પ્રગતિ કરવા માટે મેસાણા જેવી લાંબા વખતથી ચાલતી પાઠશાળાને સારા સ્વરૂપમાં–સારી વ્યવસ્થામાં અને જૈનબાળકો વધારે પ્રમાણુમાં કેળવણી મેળવવા માટે એકઠા થાય અને સારૂં શિક્ષણ પામી બીજા સ્થળોની શાળાઓ કે સ્કુલોમાં આદર્શ માસ્તર તરીકે ત્યાંના બાળકોને આદર્શ શિક્ષણ આપે તેવા તૈયાર કરવા માટે, જેમનો કેળવણીનો વિષય હોય જેઓ ચારિત્રવાન હોય કાર્યવાહક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તેવા પુરૂષોના હાથમાં આ મ્હેસાણા પાઠશાળાને જેમ બને તેમ જલદીથી સુપ્રત કરવાની જરૂર છે. અને તેઓ આ ખાતાની સ્થાપના ફંડ વિગેરે માટે જુના અનુભવી હોવાથી સલાહકાર તરીકે રહી, પૈસાની જરૂરીયાત હોય તેવા વખતે ઉપાર્જન કરવાનો પ્રયત્ન કરવાની હકીકત પોતાના હાથમાં રાખી, પોતાની ઉમર પુખ્ત થયેલી હોવાથી, હવે માત્ર આત્મસાધન કરવાની વધારે જરૂર છે. કોઈપણ કાર્ય કરવા માટે અમુક ઉમર સુધીની હદ હોય છે તેમજ જે કાર્ય કરતા હોય તેમનો તે વિષય હોય તોજ કાર્ય અથવા તે ખાતું સારી રીતે ચાલી શકે અગર વ્યવસ્થિત થઇ શકે. તેમ પણ સમજવું જોઇએ. શ્રીયુત વેણીચંદભાઇએ આ બંને હકીકત ધ્યાનમાં લઇ આ ખાતાને ઉપર મુજબ બીજાના હસ્તક સોંપી, તેની પ્રગતિ માટે તેની નવી વ્યવસ્થા કરવાની જરૂર છે તેમ અમો હાલ તો નમ્ર સુચના કરીએ છીએ.

# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી વીરતત્વ પ્રકાશક મંડળનો**—ત્રીજા વર્ષનો રીપોર્ટ અમોને મળ્યો છે. ઉપદેશકો તૈયાર કરવાના આશયથી આ સંસ્થાનો જન્મ સ્વર્ગવાસી મહાત્મા શ્રી વિજયધર્મસૂરિજી મહારાજના ઉપદેશથી થયો છે. જેને આજે ત્રણ વર્ષ થયા છે. મુંબઈ જેવા સ્થળમાં આ સંસ્થા રહેવાથી ખર્ચનો બોજો વધારે આવે તે વાત બરાબર છતાં પણ રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા દરમ્યાન ઘટવા લાગેલી હતી, જો કે હાલ તેને બનારસમાં ખસેડવામાં આવી છે તેથી વિદ્યા સંપાદન કરવાનું તે ઉત્તમ સ્થાન છે તેમજ વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસની પ્રગતિ કરી શકે ખરા, પરંતુ અમારા વિચાર પ્રમાણે જે ઉદ્દેશથી આ સંસ્થા સ્થાપન થયેલ છે તેને માટે ગુજરાત કે કાઠીયાવાડની ભૂમિ વધારે ઠીક લાગે છે ત્યાં ઓછા ખર્ચે અને વિદ્યાર્થીઓની વધારે સંખ્યાથી સંસ્થા પોતાનું કાર્ય કરી શકશે એમ અમારૂં માનવું છે, તે માટે તેના કાર્યવાહકોને સુચના કરીયે છીયે. રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે હિસાબ ચોખવટ વાળો છે, પરંતુ મુખ્ય કાર્યવાહકોએ પોતાનો ઉત્સાહ વધારવાની જરૂર છે. અમો તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે.

**ધી જૈન સેનિટરી એસોસીએશનનો ત્રીજો વાર્ષિક રીપોર્ટ**—અમોને મળ્યો છે. ( સં. ૧૯૭૭–૭૮ ) આ સંસ્થાના કાર્યવાહકોએ લાગણી પૂર્વક કાર્ય કરી મુંબઇ જેવા બ્હોળી વસ્તીવાળા શહેરમાં જયાં પરદેશીને ઓટલો પણ મળતો નથી, ત્યાં બ્હારગામથી ધંધા અર્થે આવતા આશ્રયની જરૂરીયાત વાળા જૈન કુટુંબના રહેણાક માટે સસ્તા ભાડાથી ૩૮૧ ઓરડીઓ અને ૧૩ દુકાનો દાદર અને ચીંચપોકલીમાં લઇ રાખી આશ્રય આપ્યો છે. આવો પરિશ્રમ ઉઠાવી કાર્ય કરતાં છતાં તેમાં વસનારા જૈનોએ આ સંસ્થાસાં અન્ય દર્શનીઓને પેટા ભાડુત તરીકે રાખી આ સંસ્થાની પરવાનગી વગર ઓરડીઓ આપી તેના આશયને ઉંધો વાળ્યો છે તે માટે દીલગીર થવા જેવું છે.

આ સાથે ત્યાં વસનારા કુટુંબોની આરોગ્યતા માટે ( ચીંચપોકલીમાં ) દવાખાનું ખોલ્યું છે તેનું કાર્ય સારૂં ચાલે છે, ઓછી ફીથી જૈન બંધુઓને દવા મળે છે સાથે આરોગ્યતા જાળવવા માટે સાવચેતી સુચના વગેરે પણ અપાય છે તે આશિર્વાદ સમાન છે. દેવભક્તિ માટે દેરાસરની સગવડ પણ સારી છે. એકંદર રીતે વ્યવસ્થા સારી કરેલી છે સભાસદોના લવાજમ વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર વહીવટનો આધાર છે અને તે ખાતે આર્થિક સહાયની જરૂર હોઇ જૈન બંધુઓને ખાસ સહાય આપવા સૂચના કરીયે છીયે. આવા ખાતાને કબુલત આપ્યા છતાં લવાજમના પૈસા ન આપવા તે ઇચ્છવા યોગ્ય નથી, તેમજ આ સંસ્થા ઉદ્દેશને ઉંધો વાળવો કે કાર્યવાહકોના ઉત્સાહને ભંગ થવાનો કોઇ પ્રયત્ન ત્યાં રહેનાર જૈન કુટુંબોએ કરવો તે તો ખરેખર ખેદજનક છે. આ કાર્ય જેમ આર્થિક સહાયને પાત્ર છે, તેમ દરેક પ્રકારની તેની આબાદી થાય તેમ દરેક જૈન બંધુઓએ સહાનુભૂતિ દાખવવી તે પણ તેથી વધારે ઇચ્છવા યોગ્ય છે. રીપોર્ટ વાંચતાં દરેક કાર્ય ઉત્સાહ પૂર્વક સંતોષકારક જણાયેલું છે.

**મુંબઇ જૈન અભ્યાસક મંડળ તરફથી**—જૈન યુવક પરિષદ ભરવાની આવશ્યકતા વિષે એક હેન્ડબીલ પ્રકટ થયું છે તે મંડળ ભાવનગર મુકામે કાઠીયાવાડ રાજકીય પરિષદ મળવાના પ્રસંગે ત્યાંજ આ પરિષદ ભરવી તેમ તે હેન્ડબીલમાં જણાવે છે. તે પત્રિકામાં તેની આવશ્યકતા છે કે કેમ ? શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની બોલાવવી કે ત્રણે ફીરકાની ? કાર્યક્ષેત્ર કેવું હોવું જોઇએ અને કયા પ્રશ્નો હાથ ધરવા ? કચ્છ કાઠીયાવાડ ગુજરાત મુંબઇ સિવાય હિંદના બીજા ભાગોને આમંત્રણ કરવું કે કેમ ? પ્રતિનિધિત્વ કયા પ્રકારે રાખવું, પ્રતિનિધિની ફી કેટલી રાખવી, ઉપર પ્રમાણે પ્રશ્નો પૂંછાવ્યા છે ? આવી પરિષદો ભરાય તેની સામે કોઇને વાંધો હોઇ શકે નહીં ? પરંતુ પ્રથમ આ મંડળમાં કાર્યવાહક અને જવાબદાર વ્યક્તિ કોણ છે ? તે જૈનોની જાણુ માટે પ્રથમ પ્રકટ કરવાની જરૂર છે, વળી જ્યારે જૈન કોન્ફરન્સ શરૂઆતમાં ઉત્સાહ ભર હતી ત્યારે દરવર્ષે પછી મહા મુસ્કેલીએ ત્રણ ત્રણ વર્ષે અને છેવટે હવે કોઇ જૈન સમાજમાંથી તેને બોલાવવા પણુ પ્રયત્ન પણ કરતું નથી ? કયાં સંયોગોમાં આ સ્થિતિ બની છે તે જાણુનારાઓ જાણે છે. જ્યારે આવી હિંદના સમગ્ર જૈનની એક જાહેર સંસ્થાની આ સ્થિતિ અમુક વર્ષે ગમે જે કારણે થઇ પડી છે તેનો અનુભવ કરી પછી શ્રી જૈન અભ્યાસક મંડલે આવી પરિષદ ભરતા શરૂ કર્યા પહેલાં અને પછી નિભાવવા માટે તેના ખર્ચ માટે ઐકયતા માટે પ્રથમ દીર્ઘ વિચાર કરી આ કાર્ય આરંભવાની જરૂર છે, એટલી નમ્ર સૂચના કરીયે છીયે.

---

# વર્તમાન સમાચાર.

## શ્રેયસ્કર મંડળની જનરલ સભા.

તા. ૧૩–૩–૨૩ ની રાત્રે પાલીતાણામાં કોટાવાળાની ધર્મશાળામાં માંગરોળવાળા શેઠ પ્રેમજીભાઇ નાગરદાસના પ્રમુખપણા નીચે આ મંડળની જનરલ સભા ભરવામાં આવી હતીઃ તેમાં મંડળ તથા કેળવણી ખાતાના વંચાયેલા રીપોર્ટ તથા હિસાબ પાસ કરી છપાવવાના, બજેટ સંબંધી ઝવેરી નગીનભાઇ મંછુભાઇ તથા નગીનભાઇ ઘેલાભાઇનાં અવસાન માટે દિલગીરી દર્શાવવાના અને હોદ્દેદારોની નવી નીમણુક સંબંધી ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

પ્રમુખે સમાલોચના કરતાં જણાવ્યું હતું કે મંડળ અને કેળવણી ખાતું ઘણાં ઉપયોગી કાર્યો બજાવે છે. ખાતાઓનો વહીવટ અને હિસાબ ચોખ્ખો છે. શેઠ વેણીચંદભાઇનો આત્મભોગ અને જીવનસાફલ્ય અપ્રતિમ છે. તેઓ એકલા કામ કરનાર હોવાથી બીજાઓએ તેમને તનની મદદ કરવાની બહુ જરૂર છે. શાસન પ્રેમી ભાગ્યશાળી ગૃહસ્થોને આ ખાતાઓમાં દ્રવ્યવ્યય કરવાની હું ખાસ મલામણ કરૂં છું. અનિવાર્ય સંયોગો નડવાથી રીપોર્ટ મોડો બહાર પડે છે પણુ હવેથી તેમ નજ થવું જોઇએ " વગેરે

બાદ મહેસાણા પાઠશાળાને મદદ કરવા ભલામણ કરી હતી અને દવાખાનાંના ચાલુ ખર્ચમાં તથા પાઠશાળાના ઇનામ ફંડમાં રૂા. ૫૧, ૫૧ આપવાનું જણાવ્યું હતું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## आ सभा तरफथी प्रसिद्ध थयेला ग्रंथो—संस्कृत, मागधी अने भाषांतरना ग्रंथो.

| | |
|---|---|
| १ समवसरणस्तवः | ०–१–० |
| २ क्षुल्लकभवप्रकरणम् | ०–१–० |
| ३ लोकनालिका | ०–२–० |
| ४ योनिस्तवः | ०–१–० |
| ५ कालसप्ततिका | ०–१–६ |
| ६ देहस्थितिस्तवो लघ्वल्पबहुत्वं च | ०–१–० |
| ७ सिद्धदण्डिका | ०–१–० |
| ८ कायस्थितिस्तवः | ०–२–० |
| ९ भावप्रकरणम् | ०–२–० |
| १० नवतत्त्वप्रकरणं ( भाष्यविवृत्ति-समलंकृतम् ) | ०-१२-० |
| ११ विचारपञ्चाशिका | ०–२–० |
| १२ बन्धषट् त्रिंशिका | ०–२–० |
| १३ परमाणु--पुद्गल--निगोदषट्त्रिंशिका | ०–३–० |
| १४ श्रावकव्रत भङ्गप्रकरणम् | ०–२–० |
| १५ देववन्दनादि भाष्यत्रयम् | ०–८–० |
| १६ सिद्धपञ्चाशिका | ०–२–० |
| १७ अन्नायउञ्छकुलकम् | ०–२–० |
| १८ विचारसप्ततिका | ०–३–० |
| १९ अल्पबहुत्वगर्भितवीरस्तवनादि. | ०–२–० |
| २० पञ्चसूत्रम् | ०–८–० |
| २१ जम्बूस्वामी चरित्रम् | ०–४–० |
| २२ रत्नपाळनृपकथानकम् | ०–५–० |
| २३ सूक्तरत्नावली | ०–४–० |
| २४ मेघदूतसमस्यालेखः | ०–४–० |
| २५ चेतोदूतम् | ०–४–० |
| २६ अष्टाह्निकाव्याख्यानम् | ०–६–० |
| २७ चम्पकमालाकथानकम् | ०–६–० |
| २८ सम्यक्त्वकौमुदी | ०-१२-० |
| २९ श्राद्धगुणविवरणम् | १–०–० |
| ३० धर्मरत्नप्रकरणं ( स्वोपज्ञटीकया समलंकृतम् ) | ०-१२-० |
| ३१ कल्पसूत्रं सुबोधिकानाम्न्या टीकया भूषितम् ) | ०–०–० |
| ३२ उत्तराध्ययनम् ( भावविजयगणिविरचितटीकयोपेतम् ) | ५–०–० |
| ३३ उपदेशसप्ततिका | ०-१३-० |
| ३४ कुमारपालप्रबन्धः | १–०–० |
| ३५ आचारोपदेशः | ०–३–० |
| ३६ रोहिण्यशोकचन्द्रकथा | ०–२–० |
| ३७ ज्ञानसाराष्टकं ( ज्ञानमञ्जरीनाम्न्या टीकया समलंकृतम् | १–०–० |
| ३८ गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाकुलकं ( दिपिकया भूषितम् ) | ०-१०-० |
| ३९ समयसारप्रकरणं ( स्वोपज्ञव्याख्योपेतम् ) | ०-१०-० |
| ४० सुकृतसागरम् | ०-१२-० |
| ४१ धम्मिलकथा | ०–२–० |
| ४२ धन्यकथानकम् | ०–२–० |
| ४३ प्रतिमाशतकम् | ०–८–० |
| ४४ चतुर्विंशतिस्तुतिसंग्रहः | ०–६–० |
| ४५ रौहिणेयकथा | ०–२–० |
| ४६ क्षेत्रसमासप्रकरणं ( स्वोपज्ञटीकया भूषितम् । ) | १–०–० |
| ४७ श्राद्धविधिः ( विधिकौमुदीनाम्न्या वृत्त्योपेतः ) | २–८–० |
| ४८ बृहत्संग्रहणी | २–८–० |
| ४९ षड्दर्शनसमुच्चयः | ३–०–० |
| ५० पञ्चसंग्रहः | ३–८–० |
| ५१ सुकृतसंकीर्तनमहाकाव्यम् | ०-१२-० |
| ५२ चत्वारः प्राचीनकर्मग्रन्थाः | २–८–० |
| ५३ सम्बोधसप्ततिः | ०-१०-० |
| ५४ कुवलयमाला कथा—संस्कृत | १–८–० |
| ५५ सामाचारीप्रकरणं ( स्वोपज्ञटीकयाभूषितम् ) | ०-१०-० |
| ५६ करुणावज्रायुधनाटकम् । | ०–४–० |
| ५७ कुमारपालचरित्रमहाकाव्यम् | ०-१०-० |
| ५८ महावीरचरियं | १–०–० |
| ५९ कौमुदीमित्राणन्दनाटकम् | ०–८–० |
| ६० प्रबुद्धरौहिणेयम् | ०–६–० |
| ६१ धर्माभ्युदयम् | ०–६–० |
| ६२ पञ्चनिर्ग्रन्थीप्रज्ञापनातृतीयपदसंग्रहणी प्रकरणे | ०–८–० |
| ६३ रयणसेहरीकहा | ०–८–० |
| ६४ सिद्ध प्राभृत | ०-१०-० |
| ६५ दानप्रदीपं | २–०–० |
| ६६ बंध हेतृदयत्रिभंगी आदि | ०-१२-० |
| ६७ धर्म परिक्षा | ०-१२-० |
| ६८ सप्ततिशतस्थान | १–०–० |
| ६९ चैत्यवंदन महाभाष्य | १-१२-० |
| ७० प्रश्नपद्धति | ०–२–० |
| ७१ कल्प किरणावली | ०–०–० |
| ७२ योगदर्शन | १–८–० |
| ७३ मंडल प्रकरण | ०–४–० |
| ७४ देवेन्द्रनरकेन्द्र सटीक | ०-१२-० |
| ७५ सुमुखनृपादिकथानकम् | ०–८–० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મિતાહાર.

"હદ કરતાં વધારે ખાવાના ગેરફાયદા ઘણા સાધારણ છે. ઘણું કરીને સેંકડે નેવું માણસ ભૂખ હોય છે તે કરતાં વધારે ખાય છે. તેમજ તેમનાં શરીરના પોષણાર્થે જરૂર હોય છે તેના કરતાં વધારે ખાય છે. કોઇ કોઇ વખત મિજબાની કરવામાં આવે તો તેની હરકત નથી, હરહમેશ હદ કરતાં વધારે ખાવું અને પેટમાં ભાર ભરવો તે નુકશાન કર્તા અને શરીરને નાકૌવત કર્તા છે. જોઇએ તે કરતાં ઘણું વધારે ખાવું એ તો સ્હેલું છે; જોઇએ તે કરતાં ઓછું ખાવાથી તો ધાસ્તી જ નથી. મિતતા એ જીંદગી પર્યંત રાખવાની જરૂર છે. ખરૂં જોતાં જ્ઞાન અને કૌવત એ બન્નેને સોનાની માફક શુદ્ધ કરવાની સાથે તે બન્નેની કિમ્મત તે ( મિતતા ) દશગણી વધારી દે છે, અને કૌવતની સાથે નમ્રતાને ઉમેરવાથી, તેમજ આવેશ-જુસ્સાની સાથે મિતપણાને ઉમેરવાથી કાર્યમાં ફતેહ મેળવવાનો મોટામાં મોટો છૂપો ભેદ સમજાય છે.

. . . "મિતાહાર અને મિતપાન એ નબળાઇ નથી, પણ એક પ્રકારનું [illegible] છે; આપ અખત્યાર અને આત્મ સંયમનો તેમાં સમાવેશ થાય છે. જમતાં ઘણી જ વાર લગાડવી નહિ, પરંતુ ખાવામાં દોડાદોડ પણ કરવી નહિ જોઇએ. એમ કહે છે કે જમીને હમેશાં જરા ભૂખે પેટે ઉઠવાની ટેવ રાખવી. જો પેટ ભરેલું હશે તો મગજ કામ કરી શકતું નથી. 'જમ્યા પછી થોડી વાર આરામ લ્યો' એ એક સારો નિયમ છે. ( મારીને નાશી જવું, ખાઇને સુઇ જવું, એ કહેવત આને અનુસરતી જ છે. ) પરંતુ બે વખતના જમણના વચલા વખતમાં આરામ લેવાની જરૂર પડે એટલું બધું ખાવાની તમે ટેવ રાખશો તો તેવા પ્રકારની જીંદગી ખરેખર શોચનીય છે. શરીરમાં પ્રાણ રહે તે માટે ખાવાનું છે એ ધ્યાનમાં રાખવું. ખાવાની ખાતર જીવવાની આશા રાખવી નહિ જોઇએ. ખાતાં ઘણીવાર લગાડવાની ટેવ રાખનારી જીંદગી ટુંકીજ હોય છે. જંગલી લોકો વૈદું કરવાનું શીખે છે ત્યારે શરૂઆતમાં તેઓ ઉપવાસ કરે છે. આથી તંતુમાળાનું કામ ઘણી ચપળતાથી ચાલે છે અને તે ઉપરથી તેઓ અંદરથી કંઇક પ્રેરણા થઇ હોય એવું સમજે છે. આ પ્રમાણે તેઓ કેટલીકવાર હદ ઉપરાંત પ્રયોગ કરે છે, એ વાત ખરી છે, પરંતુ આ પ્રમાણે અજમાવી જોનારની ખાતરી થશે કે ખોરાક કમતી ખાનારો માણસ માનસિક ઉદ્યોગ વધારે સારી રીતે કરી શકે છે. માફકસર ખોરાક ખાધો હોય છે તે માણસનું હૃદય પણ ચપળતાથી કામ ચલાવી શકે છે. વધારે ખોરાક ખાવાથી ઉદાસવૃત્તિ થાય છે અને બીજા બધા રોગોને લીધે જેટલું દુઃખ માણસને થાય છે તેટલું દુઃખ એકલા અજીરણથીજ ઘણા માણસને થાય છે."

"જીંદગીના ઉપયોગ" માંથી

For Private And Personal Use Only